


♦જોડણી♦

આ **'ઈ.બુક'**માં માત્ર એક જ **'ઈ'–'ઉ'** વાપર્યા છે.

January 01, 2018

●eBook : 'Rationalism_no_Ghatanaad'●

●By Dinesh Panchal●

('અભીવ્યક્તી' બ્લોગમાં મુકાયેલા દીનેશ પાંચાલના લેખોની ઈ.બુક)

♦© Dinesh Panchal ♦

● ઈ.બુક મુલ્ય : તદ્દન મફત...●

●ઈ.બુક પ્રકાશક●

મણી મારુ,

405, સરગમ એપાર્ટમેન્ટ, કૃષી યુનીવર્સીટી સામે, નવસારી

પોસ્ટ : એરુ એ. સી. – 396450 સેલફોન : 9537 88 00 66

ઈ.મેઈલ : govindmaru@gmail.com

●ઈ.બુક અક્ષરાંકન●

ગોવીન્દ મારુ

'અભીવ્યક્તી' https://govindmaru.wordpress.com/

સેલફોન : 9537 88 00 66 ઈ.મેઈલ : govindmaru@gmail.com

# અર્પણ

મારા ફ્રેન્ડ, ફીલોસોફર અને ગાઈડ



## રોહીતભાઈ શાહ

## ને

## ભાવપુર્વક અર્પણ..

# આ રીતે એટલે કઈ રીતે...?

મારા રૅશનાલીસ્ટમીત્ર ગોવીન્દભાઈ મારુના અત્યન્ત લોકપ્રીય થઈ ચુકેલા 'અભીવ્યક્તી' બ્લોગ પર મારું પુસ્તક 'ચાલો, આ રીતે વીચારીએ!'ની લેખમાળા શરુ થઈ છે. તેઓના 'મણી મારુ પ્રકાશન' દ્વારા આ પુસ્તકના 12 લેખોની મારી આ ત્રીજી ઈ.બુક 'રૅશનાલીઝમનો ઘંટનાદ' રજુ થઈ રહી છે તે માટે હું ગોવીન્દભાઈ સહીત દેશવીદેશના અનેક વાચકમીત્રોનો હાર્દીક આભાર માનું છું. સાહીત્યકારો માટે કુમ્ભમેળા સમી પવીત્ર ગણાતી સુરતની પ્રકાશન સંસ્થા 'સાહીત્ય સંગમ' દ્વારા મારું પુસ્તક 'ચાલો, આ રીતે વીચારીએ!' પ્રગટ થયું હતું ત્યારે એક વડીલે પ્રશ્ન કરેલો : "આ રીતે એટલે કઈ રીતે?"

(વડીલનો પ્રશ્ન એવો હતો, માનો કોઈ હૉટલના માલીકને પુછવામાં આવે, બહાર તમે 'સ્વાદીષ્ટ ઉંધીયું મળશે' એવું બોર્ડ માર્યું છે. પણ સ્વાદીષ્ટ એટલે કેવું...?') મેં કહ્યું, "વડીલ, કોઈ વાનગીની મજા માણવી હોય તો તેને આરોગવી

પડે. તેનું વર્ણન સાંભળવાથી માણી ન શકાય. ‘સ્વાદ’ અને ‘આસ્વાદ’ વચ્ચે આટલો ફેર છે.” છતાં વડીલે આગ્રહ જારી રાખ્યો : “ના, પણ તોય ‘આ રીતે’ એટલે એમાં તમે શું લખ્યું છે ?”

હું જરા મુંઝાયો. મેં એમની વાત પર પુર્ણવીરામ મુકવાની કોશીશ કરતાં કહ્યું : “તમે પુસ્તક વાંચશો એટલે વીગતે જાણવા મળશે. અન્દર લખેલી વાતો વાચકોને મૌખીક રીતે સમજાવી ના શકાય.”

‘હું કાંઈ સમજ્યો નહીં. પુસ્તકની વાત બીજા ના સમજાવી શકે; પણ તમે તો પુસ્તકના લેખક છો. તમે તો જરુર સમજાવી શકો.’ વડીલે પીછો ના છોડ્યો. અંતે મેં એમને કહ્યું– ‘વડીલ, લખવું અને બોલવું એ બે જુદી વાત છે. જે વાત મેં અન્દર દાખલા–દલીલ સહીત સમજાવી હોય તે વાત શબ્દોમાં હું તમને ઠીક રીતે સમજાવી શકું નહીં. બધું યાદ પણ ના હોય. દા.ત. પુસ્તકમાં મેં ધર્મ–અધર્મ વીશે લખ્યું છે એમ કહું તો એ જવાબ તમને અધુરો લાગે. ધર્મ વીશે શું લખ્યું છે તે જાણવાની જીજ્ઞાસા રહે; પણ પુસ્તકનાં પાનાં ખોલો (તો કેળાની છાલ ખોલ્યા પછી અસલી કેળું પ્રાપ્ત થાય તેમ) ધર્મ

અંગેની વાત જાણી શકાય. જેમ કે ‘માનવીનું કલ્યાણ કરે તે ધર્મ અને લોહીલુહાણ કરે તે અધર્મ!’ વડીલો અને યુવાનો વીશે લખ્યું છે એટલું કહીને અટકી જાઉં તો તમને વાત અધુરી લાગે. પણ અન્દર એક વાક્યમાં એ વાત આ રીતે કહી છે : ‘હું મોરારીબાપુ હોઉં તો લોકોને ભારપુર્વક સમજાવું કે ‘ભગવાનની મુર્તી આગળ અગરબત્તી સળગાવવા કરતાં ઘરડાં માબાપના સુવાના ઓરડામાં રાત્રે કાચબાછાપ અગરબત્તી સળગાવશો તો વધારે પુણ્ય મળશે!’

‘ઈશ્વર વીશે લખ્યું છે એમ કહીશ એટલે તુરત તમને પ્રશ્ન થશે– ‘ઈશ્વર વીશે તમે શું માનો છો? ઈશ્વર છે કે નહીં?’ તો એ માટે અન્દર લખેલી વાત યાદ કરીને મારે કહેવું પડે, ‘સુખશાંતીભર્યા જીવન માટે દુનીયામાં ભગવાનના હોવા ન હોવા કરતાં માણસમાં માણસાઈનું હોવું બહુ જરુરી છે!’ અન્ધશ્રદ્ધા વીશે લખ્યું છે એમ કહું તો તમને માત્ર વીષયની જાણકારી મળે; પણ અન્દર એ જ વાત આ રીતે કહી હોય– ‘નારીયેળમાંથી ચુન્દડી કાઢવાથી શો દહાડો વળે? નારીયેળમાંથી ઘઉં, ચોખા કે જુવાર કાઢો તો ગરીબોનાં પેટની આગ ઠરે!’ ગ્રહણ વીશે લખ્યું છે એમ કહું તો તમને પ્રશ્ન થયા વીના નહીં રહે– ‘તમે ગ્રહણમાં માનો છો કે નથી માનતા?’

તાત્પર્ય એટલું જ કે માણસે કેવી રીતે જીવવું જોઈએ તે અંગેની કોઈ ઉપદેશાત્મક વાત પુસ્તકમાં લખી નથી; પણ થોડા રેશનલ વીચારોને દાખલા–દલીલો અને પ્રશ્નો સહીત રજુ કર્યા છે. જેમકે ગ્રહણથી માનવજીવનને કોઈ જ નુકસાન થતું નથી એવું જણાવીને એક પ્રશ્ન પુછ્યો છે : ‘ગ્રહણથી પાણી દુષીત થાય છે એમ માની તમે તમારી ટાંકીનું બધું પાણી કાઢી નાખશો; પણ નગરપાલીકાની ટાંકીનું શું કરશો? રાંધેલી રસોઈ ફેંકી દેશો; પણ કોઠીમાંના અનાજનું શું કરશો?’

ટુંકમાં, આજપર્યન્ત આપણે જે પરમ્પરાગત રીતે જીવતા આવ્યા છીએ તે વીશે ફેરચકાસણી કરવાની હીમાયત કરવામાં આવી છે? જીવવાનું બદલો એમ નથી કહ્યું; પણ જે રીતે જીવી રહ્યા છીએ તે વીશે ફરી વીચારો અને જો ભુલ સમજાય તો ભુલ્યા ત્યાંથી ફરી ગણો. લોકોના વીચાર અને આચાર વચ્ચે ઘણું છેટું રહેતું હોય છે. આજે સ્થીતી એ છે કે કર્મકાંડો નીરર્થક છે એથી અન્ધશ્રદ્ધામાંથી હવે સૌએ મુક્ત થવું જોઈએ એમ જાહેરમાં બોલતો માણસ પોતાના અંગત જીવનમાં અનેક અન્ધશ્રદ્ધાઓ સાથે જીવે છે. (ડૉક્ટરોના ક્લીનીકમાં લીમ્બુ અને મરચું લટકાવેલું જોવા મળે છે. માણસ દીવસ દરમીયાન શ્વાસ લે અને સવારે યોગાસન કરતી વેળા

જે શ્વાસ લે એ બે વચ્ચે જે તાત્ત્વીક ફેર હોય છે તેવો ફરક જીવાતી જીન્દગીમાં અને વીચારવાની રીતમાં હોય છે.

મીત્રશ્રી ગોવીન્દભાઈએ મારી આ અગાઉની ઈ.બુક ‘સત્ય સન્દુક’ની જેમ આ ઈ.બુકને પણ સુન્દર રીતે રજુ કરી તે માટે હું એમનો ઋણી છું. એમણે ઈ.બુકની બાહ્ય સજાવટમાં જેટલી કાળજી લીધી છે તેટલી જ કાળજી મેં પુસ્તકની આંતરીક સજાવટમાં લીધી છે. મને આશા છે લેખક–પ્રકાશકની સહીયારી નીષ્ઠાથી તૈયાર થયેલું આ પુસ્તક રૅશનલ વાચકોનો પ્રેમ પ્રાપ્ત કરી શકશે.


…દીનેશ પાંચાલ…

સી-12, મજુર મહાજન સોસાયટી, ગણદેવી રોડ,

પોસ્ટ : કાલીયાવાડી, જમાલપોર.

વાયા : નવસારી – 396 445

સેલફોન : 94281 60508

ઈ.મેલ : dineshpanchal.249@gmail.com

બ્લોગ : dineshpanchalblog.wordpress.com


17 ડીસેમ્બર, 2017

## અમારાં પ્રકાશનો

નવી દૃષ્ટી, નવા વીચાર, નવું ચીન્તન માણવા ઈચ્છતા વાચક બીરાદરો માટે 'મણી મારુ પ્રકાશને' ઈ.બુક્સનું પ્રકાશન કરવાનું કાર્ય ઉપાડી લીધું છે. અમારું પ્રત્યેક પ્રકાશન માત્ર સદ્ વીચારોના પ્રસાર માટે વાચકોને નીઃશુલ્ક મળે છે. અમે 01 જાન્યુઆરી, 2018 સુધીમાં નીચે મુજબની 19 ઈ.બુક્સનું પ્રકાશન કર્યું છે :

1. 'અભીવ્યક્તી' બ્લોગ પર મુકાયેલા પ્રા. રમણ પાઠક (વાચસ્પતી)ના 25 લેખોની 'અભીવ્યક્તી'–ઈ.બુક – 01 (પાનાં : 113; મુલ્ય : મફત)

2. 'અભીવ્યક્તી' બ્લોગ પર મુકાયેલા શ્રી. દીનેશ પાંચાલના 25 લેખોની 'અભીવ્યક્તી'–ઈ.બુક – 02 (પાનાં : 108; મુલ્ય : મફત)

3. 'અભીવ્યક્તી' બ્લોગ પર મુકાયેલા શ્રી. મુરજી ગડાના 25 લેખોની 'અભીવ્યક્તી'–ઈ.બુક – 03 (પાનાં : 127; મુલ્ય : મફત)

4. પ્રા. રમણ પાઠક (વાચસ્પતી)ના ચીન્તનાત્મક 37 લેખોની (ઈ.બુક) – 'વીવેક–વલ્લભ' (પાનાં : 190; મુલ્ય : મફત)

5. પ્રા. રમણ પાઠક (વાચસ્પતી)ના 18 વીષયો પર લખેલા ચીન્તનાત્મક લેખોમાંથી 206 રૅશનલ મુદ્દાઓ તારવી કાઢીને 'વીવેકવીજય' ગ્રંથ તૈયાર કર્યો છે. આ ગ્રંથની (ઈ.બુક) – 'વીવેકવીજય' (પાનાં : 131; મુલ્ય : મફત)

6. શીક્ષણવીદ્ ડૉ. શશીકાંત શાહની ઈ.બુક 'આનન્દની ખોજ' (પાનાં : 53; મુલ્ય : મફત)

7. શીક્ષણવીદ્ ડૉ. શશીકાંત શાહની ઈ.બુક 'ટીન–એજ'માં બોયફ્રેન્ડથી સાવધાન' (પાનાં : 51; મુલ્ય : મફત)

8. 'અભીવ્યક્તી' બ્લોગ પર મુકાયેલા શ્રી. રોહીત શાહ ના 25 લેખોની ઈ.બુક 'અભીવ્યક્તી'–ઈ.બુક – 04 'અધ્યાત્મના આટાપાટા' (પાનાં : 111; મુલ્ય : મફત)

9. શીક્ષણવીદ્ ડૉ. શશીકાંત શાહની ઈ.બુક 'આનન્દનું આકાશ' (પાનાં : 116; મુલ્ય : મફત)

10. પ્રા. રમણ પાઠક (વાચસ્પતી)ની આત્મકથાની (ઈ.બુક) – ‘આત્મઝરમર’ (પાનાં : 257; મુલ્ય : મફત)

11. આર્યસમાજી અને લેખક શ્રી. નાથુભાઈ ડોડીયાની ઈ.બુક ‘દુઃખ નીવારણના ભ્રામક ઉપાયો’ (પાનાં : 26; મુલ્ય : મફત)

12. ‘અભીવ્યક્તી’ બ્લોગ પર મુકાયેલા શ્રી. એન. વી. ચાવડાના 14 લેખોની ‘અભીવ્યક્તી’–ઈ.બુક – 05 ‘ચાર્વાક દર્શન’ (પાનાં : 96; મુલ્ય : મફત)

13. ‘અભીવ્યક્તી’ બ્લોગ પર મુકાયેલા શ્રી. દીનેશ પાંચાલના 20 લેખોની ‘અભીવ્યક્તી’–ઈ.બુક – 06 ‘સત્યસન્દુક’ (પાનાં : 110)

14. શીક્ષણવીદ્ ડૉ. શશીકાંત શાહની ઈ.બુક ‘સમ્બન્ધમીમાંસા’ (પાનાં : 83; મુલ્ય : મફત)

15. શીક્ષણવીદ્ ડૉ. શશીકાંત શાહની ઈ.બુક ‘જીન્દગી કઈ રીતે જીવશો?’ (પાનાં : 75; મુલ્ય : મફત)

16 ‘અભીવ્યક્તી’ બ્લોગ પર મુકાયેલા શ્રી. વલ્લભ ઈટાલીયાના 10 લેખોની ઈ.બુક ‘અભીવ્યક્તી’–ઈ.બુક – 07 ‘વીચારયાત્રા’ (પાનાં : 84; મુલ્ય : મફત)

17 અભીવ્યક્તી’ બ્લોગ પર મુકાયેલા શ્રી. બી. એમ. દવે (જેલ ખાતાના નીવૃત્ત પ્રશાસક અને લેખક)ના 08 લેખોની ઈ.બુક ‘ભ્રમ ભાંગ્યા પછી…’ (પાનાં : 90; મુલ્ય : મફત)

18 ‘અભીવ્યક્તી’ બ્લોગ પર મુકાયેલા સુશ્રી. કામીની સંઘવીના 11 લેખોની ઈ.બુક ‘અભીવ્યક્તી’–ઈ.બુક – 09 ‘કીતની હકીકત, કીતના ફસાના?’ (પાનાં : 72; મુલ્ય : મફત)

19 ‘અભીવ્યક્તી’ બ્લોગ પર મુકાયેલા શ્રી. દીનેશ પાંચાલના 12 લેખોની ઈ.બુક ‘અભીવ્યક્તી’–ઈ.બુક – 10 ‘રૅશનાલીઝમનો ઘંટનાદ’ (પાનાં : 93; મુલ્ય : મફત)


## મણી મારુ

●‘ઈ.બુક’ પ્રકાશક●

405, સરગમ એપાર્ટમેન્ટ,

કૃષી યુનીવર્સીટી સામે, નવસારી.

પોસ્ટ : એરુ એ. સી. – 396 450

સેલફોન : 9537 88 00 66

ઈ.મેઈલ : govindmaru@yahoo.co.in


♦●♦●♦

# અનુક્રમણીકા

'લેખનું શીર્ષક' કૉલમમાં આપની પસંદગીના લેખ પર ક્લીક કરતાં જ, તે લેખનું પાનું ખુલશે. એ જ પ્રમાણે દરેક લેખમાં જે તે 'લેખના શીર્ષક'ના બોક્સની નીચે જમણી બાજુએ લખવામાં આવેલ 'અનુક્રમણીકા' શબ્દ પર ક્લીક કરતાં જ આ અનુક્રમણીકા ખુલશે. આ સુવીધાનો લાભ લેવા વાચકોને વીનન્તી છે.


| ક્રમ | લેખનું શીર્ષક | પાન ક્રમાંક |
|---|---|---|
| 01 | ધાર્મીક ભ્રષ્ટાચાર | 14 |
| 02 | ઈલા હવે રડતી નથી..! | 21 |
| 03 | લાગણી એટલે જીવનરુપી જલેબીની ચાસણી! | 28 |
| 04 | આડા સમ્બન્ધો દેવી દેવતાની કૃપાથીય નભી શકે છે! | 34 |
| 05 | ઈશ્વર : દુનીયાનું એક અઘરું ઉખાણુ! | 42 |
| 06 | અન્ધશ્રદ્ધાનું મનોવીજ્ઞાન | 47 |
| 07 | યુવાપેઢી અને રૅશનાલીઝમ | 53 |
| 08 | કંકુવરણા કાવતરાં | 59 |
| 09 | સોનુ જોઈએ કસીને... માણસ જોઈએ ફસીને! | 66 |
| 10 | પરમેશ્વર જોડે પંજો લડાવતો માણસ | 72 |
| 11 | શ્રદ્ધાનો નહીં અન્ધશ્રદ્ધાનો વીરોધ કરીએ! | 79 |
| 12 | શ્રદ્ધાવાદ વર્સીસ બુદ્ધીવાદ...! | 84 |
| I | શ્રી. દીનેશ પાંચાલનું લેખન–સર્જન–ચીન્તન | 91 |
| II | અન્તીમ ટાઈટલ પેજ | 93 |


♦●♦●♦

01

# ધાર્મીક ભ્રષ્ટાચાર

અનુક્રમણીકા

હમણાં એક સરકારી ઑફીસમાં દાખલો કઢાવવા જવાનું થયું. એવા ધક્કે ચઢ્યા કે સાવ નાખી દેવા જેવા કામમાં પુરા ચાર કલાક બગડ્યા. કર્મચારીઓની અન્દરોઅન્દરની વાતચીત પરથી એટલો ખ્યાલ આવ્યો કે દાખલો કાઢી આપવાનું કામ કરતા મી. ગાંધી નામના સજ્જન ચાલુ ઑફીસે સત્યનારાયણની કથા સાંભળવા ગયા હતા. એ ગાંધીભાઈ જલદી પાછા આવી જાય એવી અમે સત્યનારાયણને પ્રાર્થના કરી પણ વ્યર્થ...!!! અમેરીકાથી પધારેલા એક મીત્ર અમારી સાથે હતા. ચાલુ નોકરીએ કથા સાંભળવાની સરકારમાન્ય સુવીધા નીહાળી તેઓ હીઝરાતાં હૈયે બોલ્યા, 'અમારે ત્યાં તો ઑફીસે પાંચ મીનીટ મોડા પહોંચો તોય પગાર કાપી લે છે!' સમજો તો દીવા જેવી ચોખ્ખી વાત છે. માણસના રોજીન્દા કામોમાં રુકાવટ લાવે એવી ભક્તી માણસે મનસ્વીપણે ઉભી કરી છે. આપણે એને ધાર્મીક ભ્રષ્ટાચાર કહી શકીએ. દુનીયાનો કોઈ પણ ધર્મ કદી ચાલુ ઑફીસે કથા સાંભળવા જવાનું કહેતો નથી. ખુદ ભગવાનને પણ માણસની એવી

ભક્તી સામે ખાસ્સો વાંધો હશે પણ એનું કોણ સાંભળે? હજી આગળ સાંભળો. બેંકમાં એક માણસ ડ્રાફ્ટ કઢાવવા ગયો. ડ્રાફ્ટ લઈને એણે તુરત ગાડી પકડવાની હતી. બાજુના ક્લાર્કે કહ્યું, 'વાર લાગશે, ડ્રાફ્ટ લખનાર ભાઈ નમાઝ પઢવા ગયા છે.' પેલા બીરાદર નમાઝ પઢીને આવ્યા ત્યાં સુધી ગ્રાહકે તેની આતુરતાભરી પ્રતીક્ષા કરી પણ ગાડી તો નીકળી જ ગઈ.

સત્ય એ છે કે પ્રત્યેક માણસ માટે કર્તવ્યથી મોટો ધર્મ બીજો એકેય નથી. ખુદાની બન્દગી કે પ્રભુની પુજાનો વાંધો ના હોઈ શકે; પરન્તુ તે કામ નોકરી ધન્ધાના ભોગે તો ના જ કરવાનું હોય. એવી અશીસ્તભરી ભક્તીથી ગ્રાહકો ખુબ મુશ્કેલીમાં મુકાઈ જાય છે. જરા વીચારો, એક પારસી ડૉક્ટર ઑપરેશન અધુરું મુકી અગીયારીમાં લોબાન–સુખડ ચઢાવવા જાય તો દરદીની શી હાલત થાય? એક હીન્દુ પાયલોટ ચાલુ વીમાને રામની માળા જપવા બેસે તો એવી ભક્તીથી રામચન્દ્રજી રાજી થાય ખરા? કોઈ જૈનબન્ધુ બસડ્રાઈવર હોય અને માર્ગમાં જ્યાં જ્યાં દેરાસર નજરે પડે ત્યાં બસ થોભાવીને દર્શને જાય તો પેસેન્જરોને તે પરવડે ખરું? વીકસીત દેશોની પ્રજા ધર્મ પાછળ સમય બગાડતી નથી. તેઓ કામને જ પુજા ગણે છે. સરદાર વલ્લભભાઈ પટેલ અદાલતમાં કેસ લડતા હતા તે સમયે તેમની માતાના મૃત્યુના સમાચાર મળ્યા; પરન્તુ સહેજ પણ અસ્વસ્થ થયા વીના તેમણે છેવટ સુધી વકીલાત

ચાલુ રાખી અને કેસ જીત્યા ય ખરા. દરેક માણસ સરદાર પટેલ જેવી કર્તવ્યનીષ્ઠા અને એકાગ્રતા દાખવે તો જીવનમાં તેના સારાં પરીણામો જરુર પ્રાપ્ત થઈ શકે; પરન્તુ આપણી તો ભક્તીય ભંગાર અને બન્દગીય બોગસ... એવી તકલાદી ભક્તીના વધુ એક બે દાખલા જોઈએ.

વીતેલા ગણેશોત્સવ વખતે એક પ્રસંગ બન્યો હતો ગણેશમંડળના થોડાંક જુવાનીયાઓ મુર્તી ખરીદવા ગયા. બન્યું એવું કે પૈસા પરત કરવામાં મુર્તીવાળાથી એક ભુલ થઈ. પૈસા પરત કર્યા તેમાં સો રુપીયા સમજીને પાંચસોની નોટ અપાઈ ગઈ. થોડે ગયા ત્યાં ખ્યાલ આવ્યો કે મુર્તીવાળાએ ભુલથી ચારસો રુપીયા વધારે આપી દીધા છે. જેવી એ વાતની ખબર થઈ કે બધાં યુવાનો ગેલમાં આવી ગયા. એકાદને ય એવો વીચાર ના આવ્યો કે ગરીબ મુર્તીવાળાને ચારસો રુપીયા પરત કરી દઈએ. એક બે તો હરખના માર્યા ચીલ્લાઈ ઉઠ્યા– ‘ગણપતીબાપ્પા મોરીયા...!’ (અમારા બચુભાઈ હોત તો જવાબ આપ્યો હોત– ‘ને ચારસો રુપીયા ચોરીયા...!’)

ધરમકરમવાળા આ દેશમાં ભગવાનના સોદામાંય લોકો આવી લુચ્ચાઈ આદરે છે ત્યાં બૉફોર્સના તોપસોદાની શી વીસાત? થોડા વખત પરની એક બીના સાંભળો. એક મુસ્લીમ મીકેનીકે એક

માણસનું સ્કુટર રીપેર કરતી વેળા તેમાંથી નવી કોઈલ કાઢી લઈને જુની નાંખી આપી. સ્કુટર માલીકે ઝઘડો કર્યો અને પોતાની નવી કોઈલની માંગણી કરી. મીકેનીકે કહ્યું : ‘અમારા રોજા ચાલે છે. રોજામાં અમે થુંક પણ ગળતા નથી તો ધન્ધામાં જુઠું શું કામ બોલીએ? મેં તમારી કોઈલ બદલી જ નથી!’ પેલા સ્કુટરચાલકે ભારે મનદુઃખ સાથે વીદાય લીધી. ચારેક દીવસ બાદ બન્યું એવું કે એના ભાઈના સ્કુટરની કોઈલ ફેઈલ થઈ ગઈ અને યોગાનુયોગ એજ મીકેનીક પાસે તે ગયો. એ મીકેનીકે પેલી ચોરી લીધેલી કોઈલ નાંખી આપી અને પૈસા ઉપજાવી લીધા. (થયેલું શું કે કોઈલ પર પેલા મુળ માલીકે રંગ વડે નીશાની કરી હતી એથી તુરત ઓળખી ગયા કે આ એમની જ કોઈલ છે) આ દેશમાં ધર્મના ઓથે ઠગાઈ ઉદ્યોગનો ખાસ્સો વીકાસ થયો છે. છળકપટ કોઈ કોમનો ઈજારો નથી. માનવીના પ્રપંચો સમ્પુર્ણ બીનસાંપ્રદાયીક રહ્યાં છે. દગાબાજી, વીશ્વાસઘાત, કે લુચ્ચાઈને હીન્દુત્ત્વ કે મુસ્લીમત્ત્વ સાથે કોઈ પક્ષપાત નથી હોતો.

હવે એક સ્ટવ રીપેર કરનાર હીન્દુ માણસનો દાખલો જોઈએ. સ્ટવનું ફક્ત વૉશર બદલવાનું હતું. સ્ટવમાં બીજી કોઈ ખરાબી હતી નહીં. ‘એક ઢાંકણીમાં થોડું તેલ લઈ આવો’ એવું કહી સ્ટવવાળાએ પત્નીને રસોડામાં મોકલી અને તે દરમીયાન પમ્પનો વાલ્વ બદલી તુટેલો વાલ્વ નાંખી દીધો. પછી કહ્યું : ‘જુઓ પમ્પમાં

કેરોસીન આવે છે. વાલ્વ તુટેલો છે. બદલવો પડશે!' મીત્રએ જોયું કે સ્ટવવાળો લુચ્ચાઈ પર ઉતર્યો છે એથી ધમકાવ્યો. પેલાએ કહ્યું : 'હું નાગદેવતાનો ભક્ત છું...! હું ધન્ધામાં કદી જુઠું બોલતો નથી!' કહી એણે હાથ પર ચીતરેલો નાગ બતાવ્યો. મીત્રે એને મારવા લીધો. અને પોલીસમાં પકડાવવાની ધમકી આપી. ત્યારે તેણે કરગરી પડતાં માફી માગી અને વાલ્વ બદલ્યો હોવાનું કબુલ્યું.

બચુભાઈ કહે છે, 'માણસના ચારીત્ર્ય પર પડેલા બેઈમાનીના ડાઘ ધર્મના સાબુથી ધોઈ શકાતાં ના હોય તો એવા ધર્મનો ફાયદો શો? રોજામાં થુંક ગળાઈ જાય તો પાપ લાગે એમ માનતો મુસ્લીમ આખેઆખી કોયલ ગળી જાય તોય તેના રોજા અખંડ રહે છે. એક હીન્દુ નાગદેવતાનો ભક્ત હોવાનું ગર્વ લે છે, પણ ધન્ધામાં નાગની જેમ ગ્રાહકને ડંખ મારે છે ત્યાં તેનો ધર્મભંગ થતો નથી. બધાં જ હીન્દુ–મુસ્લીમો એવાં હોતાં નથી. પણ ઘણા લોકો સગવડીયો ધર્મ પાળે છે. તેઓ ધર્મ પણ પાળે છે અને તક મળતાં બેઈમાની પણ આચરી લે છે. ધર્મને એવા માણસોએ ખુબ બદનામ કર્યો છે.'

એકવાર અમે એક દૃશ્ય જોયું હતું. એક બ્રાહ્મણના નાના છોકરાએ ધુળનો ઢગલો કરી તેમાં પેશાબ કર્યો અને તપેલીમાં કડછી વડે શાક હલાવે તેમ જનોઈ વડે તેમાં હલાવવા લાગ્યો. એ

દશ્ય જોઈ મને વીચાર આવ્યો– માણસે ધર્મ જોડે આ નાદાન છોકરા જેવું જ અળવીતરું કર્યું છે. જનોઈ બાપડીનો પનારો નાદાન છોકરા જોડે પડ્યો. નાદાનકી દોસ્તી ને પેશાબમાં સ્નાન...!

શ્રદ્ધાળુ માણસો ધર્મની ટીકા સાંભળી છંછેડાઈ ઉઠે છે; પણ વાસ્તવીક્તા એ છે કે ધર્મને માણસે પેશાબતુલ્ય બનાવી મુક્યો છે. ધર્મ અને ભગવાનના માથા પર સૌથી વધુ હથોડા ધાર્મીકોએ માર્યા છે. માણસે ધર્મ અને ભગવાન બન્નેને રાતા પાણીએ રડાવ્યા છે. એક વડીલે હીન્દુનો દાખલો આપતાં કહ્યું, ‘એ માણસ રોજ વહેલો ઉઠીને મન્દીરે જાય. ભાવથી પ્રભુપુજા કરે; પણ પાછા આવતી વેળા એની કાકીના ઘર પર એકાદ બે પથ્થરો મારતો આવે. (કાકી જોડે એને કોઈ મીલકત વીષયક મનદુઃખ હતું) એ જે હોય તે પણ કોઈ પણ શાણો હીન્દુ પુજા અને પથ્થરના આ અધમ કક્ષાના ગઠબન્ધનને આવકારી શકે ખરો? કોઈ ચુસ્ત મુસ્લીમ ત્રણ વાર નમાઝ પઢતો હોય, રોજ કુરાનેશરીફ વાંચતો હોય; પણ ત્યારબાદ આતંકવાદીઓના શસ્ત્રગોડાઉનનું મેનેજીંગ કરતો હોય તો અલ્લાહ તો દુર શાણા મુસ્લીમો ય તેને ટેકો આપે ખરાં?

એટલું ખાસ યાદ રાખવા જેવું છે. શીક્ષણ મેળવ્યા પછી માણસ શું બની શકે છે તેમાં શીક્ષણની ઈજ્જત રહેલી છે. તે રીતે ધર્મનું પાલન કર્યા પછી માણસ કેવો વ્યવહાર કરે છે તેમાં તેના

ભગવાનની ઈજ્જત રહેલી છે. ચાલો આપણે જીવનમાં ધર્મનો શ્રેષ્ઠ ઉપયોગ કરીને આપણાં ભગવાનની ઈજ્જતની રક્ષા કરીએ.

♦●♦●♦

## ઈલા હવે રડતી નથી..!

અનુક્રમણીકા

આંખ રડે અને હૃદય રડે એ બે વચ્ચે ખાસ્સો ફરક હોય છે. માણસ કાંદા કાપે ત્યારે આંખ રડે છે; પણ ઘરમાં કાંદા ખરીદવાના ય પૈસા ના હોય ત્યારે હૃદય રડે છે. હમણાં હૃદયના રુદનના સાક્ષી બનવાનું થયું. વાત ઈલા અને અરુણની છે. નામ કાલ્પનીક છે પણ ઘટના સાચી છે. એમની જીન્દગીની વાત એક લઘુકથા જેટલી ટુંકી છે. સંસાર છોડી સાધુ બની જતાં માણસોની આપણને નવાઈ નથી પણ આ કીસ્સો જરા જુદો છે. બન્નેને પ્રેમ થયો. વડીલોની સમ્મતીથી બન્ને પરણ્યા. દાંપત્યના મધુર દાયકા દરમીયાન બે મજાના બાળકો થયા. બીજાં સાતેક વર્ષ એવાંજ આનન્દમાં વીતી ગયા. સંસારમાં ક્યાંય કોઈ દુઃખ નહોતું. બધું ઠીકઠાક ચાલતું હતું; પણ સત્તરમે વર્ષે અરુણને કોણ જાણે શાથી સાધુ બનવાનું ઘેલુ લાગ્યું. એક દીવસ એણે પત્નીને કહ્યું, 'આપણું સહજીવન પુરું થયું. હું સંસાર ત્યાગી સાધુ બનવા માગું છું. તું રજા આપ...!' ને પત્નીએ રજા આપી.

આ– ‘તું રજા આપ’ અને ‘પત્નીએ રજા આપી’ એ બે વાક્ય વચ્ચે અહીં માત્ર એક સેન્ટીમીટરની જગ્યા છે; પણ એમના અસલી જીવનમાં પુરા છ મહીનાનું રડારોળભર્યું અન્તર હતું. છ મહીનાની એકધારી સમજાવટ, વીનન્તી, આજીજી, કાકલુદી, આક્રન્દ વગેરે પછી પણ અરુણ એકનો બે ના થયો ત્યારે ઈલાએ ના છુટકે રજા આપવી પડી. અરુણ ધામધુમીપુર્વક સાધુ બન્યો. કહે છે ઈલા ત્યારબાદ કદી રડી નથી. અરુણને પ્રણામ કરી એણે વીદાય આપી. છોકરાઓ પાસે હાથ જોડાવ્યા.

અરુણના ગયા પછી ઈલાને ઘણી તકલીફ પડી. અરુણ પાસે ખાસ મીલકત હતી નહીં. બલકે થોડું દેવું હતું. પરણીને આવી ત્યારે ઈલા પાસે પાંચ આંકડાના પગારવાળી સુંદર નોકરી હતી. લગ્ન બાદ અરુણે તે પણ છોડાવી દીધી હતી. લગ્ન પુર્વે ઈલા રંગભુમીની નમ્બર વન અભીનેત્રી રહી હતી. બેસ્ટ એક્ટીંગના કોથળો ભરીને શીલ્ડ જીતી હતી; પણ લગ્ન બાદ અરુણે કહ્યું : ‘આ નાટક ચેટક છોડી દે. એમાં આપણી શોભા નથી!’ ઈલાએ તે પણ છોડવું પડ્યું. પોપટ ઉડી જતાં પુર્વે મેનાની બન્ને પાંખો કાપી ગયો હતો. ઈલાને પોતાના કરતાં છોકરાંઓના ભવીષ્યની મોટી ચીંતા હતી; પરન્તુ દુઃખોના દરીયા વચ્ચે પણ ઈલા ભારે સંઘર્ષ કરીને કાંઠે પહોંચી શકી.

ઈલા હવે રડતી નથી. તેણે આછી પાતળી નોકરી શોધી કાઢી છે. ઘરમાં ફ્રીઝ છે. ટીવી છે. સમાજની નજરમાં ઈલા સાધનસમ્પન્ન છે; પણ અમને તે પરવલ્લીની કપાઈ ગયેલી પુંછડીની જેમ તરફડતી દેખાય છે. એક દીવસ અમે એને પુછ્યું, 'અરુણની યાદ આવે છે ખરી? તે અત્યારે ક્યાં છે?' ઈલાએ ડુંસકા જેવા ટુંકા વાક્યમાં કહ્યું : 'એ ખુબ પ્રેમાળ હતો... યાદ તો આવે જ...! અત્યારે ક્યાં હશે કોણ જાણે...; પણ દીલમાં તો છે જ.' અમે પુછ્યું : 'પણ એકાએક એનું એવું હૃદયપરીવર્તન શી રીતે થયું?' ઈલાએ કહ્યું : 'એકાએક કશું થયું નહોતું. બેએક વર્ષથી એ ધર્મ તરફ ખુબ ઢળ્યો હતો. હમ્મેશાં ઋષીમુનીઓના સમ્પર્કમાં રહેતો હતો. ધન્ધો બન્ધ રાખીને કથાઓ સાંભળવા જતો. ધર્મપુસ્તકો અને સત્સંગ, એ બેના અતી સહવાસથી એનું ચીત્ત ભમી ગયું હતું. મારું માનવું છે કે ધર્મ દ્વારા ઉપદેશાતી સંસારત્યાગની વાતોથી માણસ બગડી જાય છે. પતીને તેના સ્વજનોથી અલગ કરી દે એવા ધર્મમાં હવે મારી શ્રદ્ધા રહી નથી!'

ઈલા હવે બાળકો ખાતર જીવે છે. તે જીવી જશે. ઘણીવાર લાશ પણ (જીન્દગીના કોલ્ડ સ્ટોરેજમાં) લાંબુ જીવે છે. ઈલાની આંખોમાં આંસુ નથી. આંસુઓ વચ્ચે ઈલા ગોઠવાઈ ગઈ છે. પ્રશ્ન થાય છે એના જીવનની એવી સ્થીતી માટે કોણ જવાબદાર– એનો પતી કે ધર્મ? કંઈક એવું સમજાય છે કે ધર્મએ જ્યારે જ્યારે

જીવનવીરોધી ઉપદેશો આપી માણસને જીવનવીમુખ કરવાની કોશીષ કરી છે ત્યારે ધર્મ દ્વારા સમાજની બહું મોટી કુસેવા થઈ છે. એક પરણીત વ્યક્તીનો સાચો ધર્મ તેના પરીવારનું રક્ષણ કરવાનો હોય છે. મોક્ષના મોહમાં તે ધર્મગુરુઓનો ચઢાવ્યો સંસાર છોડી દેતો હોય તો તેનાથી મોટો અધર્મ બીજો એકે નથી. માણસને ન પરણવાની છુટ હોઈ શકે પણ પછી સંસાર છોડીને ભાગી છુટવાની છુટ કદી કોઈ ધર્મે આપવી જોઈએ નહીં. ટીકીટ લીધા પછી માણસ ગાડીમાં ના બેસે તે ગુનો નથી પણ 100 કી.મી.ની ઝડપે દોડતી ટ્રેનમાંથી ભુસકો મારે એ પાગલપણું કહેવાય.

ધર્મ મોક્ષ કે ઈશ્વરપ્રાપ્તીને નામે માણસના પલાયનવાદને પંપાળે છે. પ્રભુભક્તી સંસારમાં રહીને ય કરી શકાય છે. આપણા મોટા ભાગના પ્રાચીન ઋષીમુનીઓ પરણેલા હતાં; પણ અહીં ભુલ એ થાય છે કે માણસ પ્રેમ કરે... પરણે... બાળકો પણ પેદા કરે અને પછી સૌને છોડીને સાધુ બની જાય એ ઠંડે કલેજે કરાયેલા ખુન જેવો કાતીલ ગુનો છે. કોઈ ભગવાને કદી એવું કહ્યું નથી કે સંસાર છોડીને સાધુ થઈ જાઓ. સાધુ થનારાઓને મોક્ષ મળતો હશે કે નહીં તે ભગવાન જાણે પણ જીવનમાં અધવચ્ચે જેમને નીરાધાર છોડી દેવામાં આવે છે એમને તો પછી જીવતાં જીવત નર્કથી ય બદતર યાતના વેઠવી પડે છે.

દારુમાં ખુવાર થઈ જનારને આખો સમાજ ધીક્કારે છે; પરન્તુ ધર્મમાં ખુવાર થઈ જનારનો જયજયકાર થાય છે. દારુડીયાને સજા થાય છે; પણ સ્વજનોનો ઠુકરાવી જેઓ સંસાર છોડી જાય છે તેમનો ધર્મ તરફથી જયજયકાર થાય છે. હયાત પતીએ વીધવા સમુ જીવન ગુજારતી પત્ની કરતાં દારુડીયાની પત્ની વધુ સુખી ગણાય. કેમકે દારુડીયો રાત્રે ઘરે તો આવે છે. સાધુ પોતે બેઘર થઈને તેના સ્વજનોને પણ બેઘર કરતો જાય છે. દારુના નશાનો એક મોટો ફાયદો એ છે કે તે ઉતરી જાય છે. ધર્મનો નશો ઉતરતો નથી.

ઈલા– અરુણની ઘટના સમાજ સામે કેટલાંક પ્રશ્નો ઉભાં કરે છે. પરણ્યા પછી સન્યાસ લેવાની વાતને જેઓ ધર્મના નામે બીરદાવે છે તેમને ઈલા વતી અમે થોડાં પ્રશ્નો પુછીએ છીએ :

પ્રશ્ન (1) : માણસ પોતાની સાંસારીક જવાબદારીઓ છોડીને દુનીયામાં અહીંતહીં ભટકતો રહે એવા ધર્મનો સરવાળે માનવજાતને શો ફાયદો થાય છે? (દુનીયાના સૌ સંસારીઓએ એ માર્ગે ચાલ્યા હોત તો દુનીયાનો જે વીકાસ થયો છે તે થઈ શક્યો હોત ખરો? દુનીયાના બધાં વીજ્ઞાનીઓ સાધુ થઈ ગયા હોત તો આટલી શોધો થઈ છે તે થઈ હોત ખરી?)

**પ્રશ્ન (2) :** પત્નીને છોડી જતો માણસ સંભવતઃ ધર્મના વૈચારીક ઝનુનથી પોતાની જાતીય જરુરીયાત પર કાબુ રાખી શકે પણ તેની જુવાન પત્નીનું શું? તેની માનસીક જરુરીયાતનું શું? પતીને વૈરાગ્ય જન્મે તે ભેગી જ પત્નીની જાતીય જરુરીયાત આપોઆપ બન્ધ થઈ જાય એવું બની શકે ખરું? એવી પત્નીએ કયા અપરાધની સજારુપે સંયમની સજા વેઠવી પડે છે? આવી સ્ત્રીઓનો પગ ક્યાંક લપસ્યો તો સમાજ તેને ક્ષમા કરશે ખરો?

**પ્રશ્ન (3) :** પીતાનો આધાર ગુમાવી ચુકેલા બાળકોનો જરુરી વીકાસ ના થઈ શકે અથવા તેઓ ગુનાની અન્ધારી દુનીયામાં ધકેલાઈ જાય તો એની જવાબદારી કોની?

**પ્રશ્ન (4) :** લગ્નવેળા બ્રાહ્મણો સપ્તપદીના શ્લોક બોલે છે. તેનો અર્થ એ થાય છે કે પતી માત્ર પત્નીના ભરણપોષણ માટે જ નથી હોતો. એના સમગ્ર જીવનના સુખદુઃખનો સાથી હોય છે. પત્ની તેનું સમગ્ર જીવન પતીને સમર્પીત કરી દે છે. એવી પત્ની પાસેથી તેનો પતી છીનવાઈ જાય છે તે માટે જવાબદાર કોણ? કોઈ પતી પોતાની પત્નીનું ભરણપોષણ ન કરતો હોય તેવા સંજોગોમાં કોર્ટ તેને ભરણપોષણનો ખર્ચ ચુકવવાનો હુકમ કરે છે. સાધુ બની જતા માણસ પર પત્ની એવો કેસ કરે તો કાયદો સાધુને સજા કરશે ખરો?

ઈલાની વ્યથાનો સાચો અન્દાજ પામવા માટે પરકાયા પ્રવેશની વીદ્યા વડે તેના જલતા જીગરમાં પ્રવેશ કરીએ તો જ તેની ભીતરી તારાજીના સાચા આંકડા પ્રાપ્ત થઈ શકે. કહે છે પતીઓથી દુર ફેંકાયેલી વીરહી નારીઓના આંસુઓનો હીસાબ તેના ઓશીકા પાસે હોય છે. છતે ધણીએ વૈધવ્ય ભોગવતી ઈલાની વ્યથા જાણવાના ઉપાયરુપે ઈલાના ઓશીકાનો ઈન્ટરવ્યુ લઈ શકાય; પરન્તુ કદાચ ઓશીકું ય કહી દેશે : ‘ઈલા હવે રડતી નથી! રુદન ઈલાના અસ્તીત્વમાં ઓગળી ગયું છે!’

**03**

## લાગણી એટલે જીવનરુપી જલેબીની ચાસણી!

અનુક્રમણીકા

કોઈ દીકરો પોતાના માતાપીતાનું શ્રાદ્ધ કરાવે એ ઘટના રૅશનાલીઝમ મુજબ અન્ધશ્રદ્ધામાં ખપે છે. જો કે પ્રેમ અને લાગણી એ જીવનની નક્કર સચ્ચાઈ છે. જીવનમાં તેનું પણ ખાસ્સું મહત્ત્વ રહ્યું છે. બીજી બાજુ રૅશનાલીઝમ જીવનની કેવળ એક તરાહ છે. જીવન જીવવાનો એક બૌદ્ધીક અભીગમ છે– પુરું જીવન નથી. લાગણી જેવી પ્રચંડ માનવીય સંવેદનાને કદી રૅશનાલીઝમથી અવગણી શકાતી નથી. પ્રખર રૅશનાલીસ્ટોએ પણ ક્યારેક લાગણી ખાતર કહેવાતી અન્ધશ્રદ્ધાને શરણે જવું પડતું હોય છે. ક્યારેક નીકટતમ સ્વજનોની લાગણી ખાતર બુદ્ધીનું વૉલ્યુમ ધીમું કરીને લાગણીના લય સાથે થોડું વહી જવું પડતું હોય છે. જીવનનું બીજું નામ અનુકુલન છે. અનુકુલન દ્વારા સ્વજનોના મન જાળવીને જીવવા માટે ક્યારેક નીજી માન્યતા જોડે થોડી બાંધછોડ કરવી પડે તો તેમ કરવામાં કશું ખોટું નથી. આપણે ત્યાં હોળી સળગાવવામાં પ્રતીવર્ષ ટનબંધી લાકડાં સાવ નીરર્થક બળી જાય છે. તે અંગે આપણો સખત વીરોધ હોય છે છતાં મહોલ્લાના જુવાનો હોળીનો ફાળો ઉઘરાવવા આવે છે ત્યારે તેમને ના નથી પાડી શકાતી.

(અમારા બચુભાઈ હોળી સળગાવવાના સખત વીરોધી છે; પણ તેઓ પણ મહોલ્લાના જુવાનીયાઓને હોળીનો ફાળો આપે છે. કારણમાં તેઓ તેમની રમુજી શૈલીમાં જણાવે છે કે, 'તેઓ સૌ ભેગાં મળીને મારું ઘર સળગાવે તેના કરતાં હોળી સળગાવે તેમાં મને નુકસાન થવાનું નથી!') સમાજમાં એવી ઘણી અબૌદ્ધીક પ્રવૃત્તીઓ થતી રહે છે તે આપણી ઈચ્છાના એક ઝાટકે સુધારી દઈ શકાતી નથી. ગમે તેવા ચુસ્ત રૅશનાલીસ્ટે પણ પીતાનું મૃત્યુ થાય ત્યારે ઘરડી માની લાગણી ના દુભાય તે માટે મરણોત્તર કર્મકાંડ કરાવવા પડે છે. એમ કરવું ખોટું પણ નથી. એકાદ અંગત માન્યતા ખાતર સ્વજનોની લીલીછમ લાગણીમાં ભડભડતો દેવતા ચાંપવો એને નરી ઍન્ટી–રૅશનલ ઍક્ટીવીટી કહી શકાય. જીવનમાં બુદ્ધી અને લાગણીના યુદ્ધો હમ્મેશાં થતાં રહે છે. બહુધા તેમાં લાગણીનો વીજય થાય છે. જીવન નામની ફીલ્મની મુખ્ય હીરોઈનનું નામ લાગણી છે. બુદ્ધીનું સ્થાન સાઈડ હીરોઈનનું છે. યાદ રહે લાગણીનો વીજય એ જીવનની જીત છે; પણ રૅશનાલીઝમની હાર નથી. જીવનમાં જ્યાં લાગણી પ્રગાઢપણે સંકળાયેલી છે ત્યાં દીમાગથી નહીં દીલથી વીચારવું પડે છે. માનવીય લાગણીઓને ઉચીત મહત્વ આપીને રૅશનાલીઝમ વધુ રળીયાત બને છે.

અન્ધશ્રદ્ધા સમ્બન્ધે એક અન્ય મનોવૈજ્ઞાનીક મુદ્દો વીચારવાનું આપણે ચુકી જઈએ છીએ. માનવમનની લીલા અપાર છે. માણસનું મુઠી સરખું દીમાગ સૃષ્ટીનું શ્રેષ્ઠ કૉમ્પ્યુટર છે. માનવ જીવનમાં જીવ કરતાંય દીમાગનું પ્રદાન વીશેષ છે. જીવની જવાબદારી મર્યાદીત છે. બુદ્ધીની જવાબદારીનો પાર નથી. સૃષ્ટીનો વીકાસ માનવીના દીમાગને આભારી છે. કુદરત અને માણસના સંયુક્ત ઉપક્રમે આ દુનીયાનો કારોબાર ચાલે છે. જીવ માણસને કેવળ જીવાડી જાણે છે. દીમાગ માણસને અમર બનાવે છે. જીવ માણસને જીવીત વ્યક્તી તરીકેનું સર્ટીફીકેટ આપે છે. બુદ્ધીના પ્રતાપે માણસમાંથી મહાન વીભુતી પ્રગટી શકે છે.

કુદરતે મનની જે અદ્‌ભુત, ગુઢ શક્તીઓ આપી છે તે વીશે માણસ બહુ ઓછું જાણે છે. મનોવીજ્ઞાનીઓ ઘણીવાર કહે છે : 'સુખ અને દુઃખ મનના કારણો છે. માણસ જેવું વીચારે તેવું થાય છે.' આવા કથનો પ્રથમ નજરે અતાર્કીક જણાય છે; પરન્તુ તેમાં મનોવૈજ્ઞાનીક સત્ય રહેલું છે. ઉપર્યુક્ત કથનોમાં મનની અપાર ક્ષમતાનો સ્વીકાર રહેલો છે. ડૉ. જીતેન્દ્ર અઢીયા કહે છે– 'મન પાસેથી કામ લેતાં આવડે તો તમારી તમામ ઈચ્છાઓ પુર્ણ થઈ શકે છે.' એમ કહીને તેમણે મનની શક્તીનું યશોગાન કર્યું છે. મનની કેટલીક લીલાઓ મનોવૈજ્ઞાનીકોને પણ મુંઝવે એવી અટપટી હોય છે. મનમાં સાચી જુઠી કોઈ માન્યતા જડાઈ ગઈ હોય તો

કાળક્રમે મનની ભીતર તેના અજીબોગરીબ, ચમત્કારીક પરીણામો ઉદ્‌ભવે છે. એ સન્દર્ભે નવલકથાકાર મોંપાસાની એક વાર્તાનું સ્મરણ થાય છે. એક અન્ધ સ્ત્રીનો પતી મૃત્યુ પામે છે. સ્ત્રી પાસે તેના પતીની એક તસવીર હતી. પતી હયાત હતો ત્યારે કોઈ કારણોસર તેના મનમાં એવું ઠસી ગયું હતું કે એના પતી પાસે કોઈ અલૌકીક શક્તી છે. જે કારણે તેમના બધાં દુઃખો દુર થઈ જાય છે. સ્ત્રીને વર્ષો સુધી લાગ્યું કે પતીની તસવીરમાંથી છુપી રીતે પેલી ગેબી શક્તી તેને સાથ આપી રહી છે. એ માન્યતાના સહારે તેણે પોતાના વૈધવ્યના દશ વર્ષ સુખમાં ખેંચી કાઢયાં. એક દીવસ તેના મકાનમાલીકે ઘરભાડાંની તકરારમાં સ્ત્રીનો બધો સામાન બહાર ફેંકી દીધો. સામાન ભેગી પેલી તસવીર પણ રસ્તા પર ફેંકાઈ ગઈ. સ્ત્રીને તસવીર ના મળતાં તેના દુઃખનો પાર ના રહ્યો. ઘર ઝુંટવાઈ ગયું તેનાથી ય અધીક તસવીર ગુમ થઈ ગઈ તેનો સ્ત્રીને વીશેષ આઘાત લાગ્યો. તેને લાગ્યું કે પતીના મૃત્યુ બાદ દશ વર્ષ પછી તે વીધવા થઈ ગઈ છે. તે રોડ પર તસવીર ફંફોસી રહી હતી તે સમયે ત્યાંથી પસાર થઈ રહેલા એક પ્રૉફેસરે તેને શું શોધે છે એમ પુછયું.. સ્ત્રીએ કહ્યું, ‘હું મારા પતીની તસવીર શોધું છું.’ થોડે દુર એક તસવીર પડી હતી તે ઉઠાવીને પ્રૉફેસરે સ્ત્રીને આપતાં કહ્યું, ‘આતો નહીં?’ સ્ત્રીએ તસવીર પર આંગળીનો સ્પર્શ કર્યો અને તે હર્ષપુર્વક ચીલ્લાઈ ઉઠી, ‘હા, એ જ એ જ... તમારો ખુબ ખુબ આભાર!’

વાર્તાના અન્તમાં મોંપાસા એક વાક્ય લખે છે : એ તસવીર કોઈ માણસની નહોતી. એ તો કોઈ મશીનરીની ડીઝાઈનનો નકશો હતો. વાર્તામાં ઉચીત રીતે જ એ સ્પષ્ટતા નહોતી કે પતીની તસવીરને સ્થાને મશીનરીનો ફોટો શી રીતે આવી ગયો હતો? શક્ય છે સ્ત્રીના અન્ધત્વને કારણે એવો ગોટાળો સર્જાયો હોય. (વાચકે એ કલ્પી લેવાનું હતું) મનની શક્તી કેવાં ચમત્કારી પરીણામો સર્જી શકે છે એ મનોવૈજ્ઞાનીક મુદ્દો વાર્તામાં માર્મીક રીતે રજુ કરવામાં આવ્યો હતો. તાત્પર્ય એટલું જ કે ક્યારેય કોઈ વ્યક્તીમાં અલૌકીક શક્તી હોતી નથી અને તસવીરમાંથી કદી દુઃખમુક્તીનો આશીર્વાદ પણ વરસી શકતો નથી. જે કાંઈ પ્રતાપ હતો તે તસવીરનો નહીં, મનની કોઈ અકળ લીલાનો હતો.

સમજો તો સીધી વાત છે. મનની શાંતી ન જાણે ક્યાં ક્યાંથી અને કેવી રીતે મળી શકે છે. જે આરસ ફાઈવસ્ટાર હૉટલના જાજરુમાં હોય છે તે જ આરસ મન્દીરમાં ય જડેલાં હોય છે; પણ મન્દીરના આરસમાંથી જે શાંતી પ્રગટે છે તેવી જાજરુમાંથી પ્રગટતી નથી. ભગવાનની મુર્તીમાંથી કદી પ્રભુની કૃપા વરસતી નથી; પણ મુર્તીના દર્શનથી દીલમાં એક મનોવૈજ્ઞાનીક શાંતી પ્રગટે છે. ખોટી દીશામાંથી મળતી શાંતી પણ માણસ માટે શ્રેયકર નીવડે છે. સોનાની લગડી ગટરમાં પડી જવાથી તેની

કીમ્મત ઘટી જતી નથી. માણસના મનના કૉમ્પ્યુટરમાં એકવાર અમુક માન્યતાનું શોફ્ટવેર ઈન્સ્ટોલ થઈ ગયા બાદ મનની માયાવી નગરીમાં બધું જ શક્ય બને છે. મનની લીલાઓ અપાર હોય છે.

04

## આડા સમ્બન્ધો દેવી–દેવતાની કૃપાથીય નભી શકે છે!

અનુક્રમણીકા

સુરતના લેડી ડૉક્ટર એક કાર્યક્રમમાં મળી ગયાં. એમણે કહ્યું– 'એક સમયે હું સૌથી વીશેષ શ્રદ્ધાળુ સ્ત્રી હતી. ટ્રેન યા બસમાં ભગવાનની પુજા કરી શકાય તે માટે ફોટો સાથે લઈ જતી. કાંઈ નહીં તો દીવાસળીનું એક ડીંગલું સળગાવીનેય આરતી કરી લેતી. આજે એ બધી ઝંઝટ ફગાવી દઈને સમ્પુર્ણ મુક્ત બની ગઈ છું. ન તો તેનો કશો રંજ છે ન રતીભાર નુકસાન! મને અનુભવે સમજાયું છે કે સ્ત્રીના વીકાસ આડે તેનો અબૌદ્ધીક અભીગમ બહુ મોટો અવરોધ બની રહે છે!'

ડૉક્ટરબહેનની વાત સાચી છે. સ્ત્રીઓનું શોષણ કરી શકાય તે માટે તેમની અન્ધશ્રદ્ધા કે અબૌદ્ધીકતા પુરુષોને ઘણી મદદરુપ થાય છે. એક ઘટનાનું સ્મરણ થાય છે. એક માણસ તેના પાડોશીની પત્ની જોડે અનૈતીક સમ્બન્ધ ધરાવતો હતો. એક દીવસ પાડોશણ જોડેનું લફરું પત્ની દ્વારા પકડાઈ ગયું; પણ તે

પછીયે પુરુષે જાતીય સમ્બન્ધો ચાલુ રાખ્યા. વારમ્વાર પત્નીને જાણ થાય, દર વખતે ઝઘડો થાય, પત્ની પીયર ચાલી જવા કે સળગી મરવા તૈયાર થાય અને પુરુષ બડી ચાલાકીથી તેની માફી માગી લે– 'તું મને માફ ન કરે તો તને તારા વહાલા દીકરાના સોગન્દ છે! તને તારા જલારામ બાપાના સોગન્દ છે!' સોગન્દની વાત આવે એટલે પત્ની કહે– 'તમે જલારામ બાપાના સોગન્દ આપો છો એટલે માફ કરું છું; પણ જો તમે ફરી આવું કરશો તો તમને મારા સોગન્દ છે!'

બીજી તરફ મોડે મોડે પાડોશણને જોખમ સમજાતાં તેણે શારીરીક સમ્બન્ધનો ઈન્કાર કર્યો. પાડોશણના ઈન્કારનું તાળું પણ પેલા પુરુષે સોગન્દની ચાવીથી એમ કહીને ખોલી નાખ્યું કે– 'જો તું મારી ઈચ્છા પુર્ણ નહીં કરે તો તને આપણા પ્રેમના સોગન્દ છે... તને તારી ભુવનેશ્વરી માતાના સોગન્દ છે...!' મા ભુવનેશ્વરીના સોગન્દ આપવામાં આવે એથી પાડોશણ લાચાર બની જાય. આમ સોગન્દના સીલસીલા વડે (એમ કહો કે દેવી–દેવતાની કૃપાથી) એ માણસ સેક્સ કૌભાંડને આગળ ધપાવ્યે જતો હતો.

સ્ત્રીઓને પુછવાનું મન થાય છે– આ 'સોગન્દ' શી બલા છે? સોગન્દ તોડવાથી રતીભાર નુકસાન થતું હોય તો આ દેશની મોંઘવારી કે ગરીબીના સોગન્દ ખાઓ અને પછી તોડીને એ

વાતની ખાતરી કરી લો કે સોગન્દ તોડવાથી ગરીબી કે મોંઘવારીનો વાળ પણ વાંકો થતો નથી. આવી અન્ધશ્રદ્ધા વડે પુરુષોની લુચ્ચાઈની લપેટમાં આવી જવાને બદલે સ્ત્રીઓએ પુરુષોના પરસ્ત્રીગમનને સખ્તાઈથી પડકારવું જોઈએ.

આ બન્ને સ્ત્રીઓ સોગન્દ જેવી અન્ધશ્રદ્ધામાં ન માનતી હોત તો તેનો અવશ્ય બચાવ થઈ શક્યો હોત. સ્ત્રીઓએ દામ્પત્ય જીવનમાં ફુલટાઈમ લાગણીશીલ બની રહેવાને બદલે વીવેકબુદ્ધીથી નીર્ણય લેતાં શીખવું જોઈએ. અત્રે કોઈ બુદ્ધીવાદી, જાગૃત સ્ત્રી હોત તો પતીનો કોલર ઝાલી તેની આંખોમાં આંખ પરોવી તેણે હસબન્ડની હવસખોરીનો હીસાબ માગ્યો હોત. અરે! ચીમકીય આપી હોત ‘મીસ્ટર પતીદેવ, મેં તમને માફ કરી દીધા; પણ ક્યારેક હુંય મારા મનગમતા પુરુષમીત્ર જોડે આવો સમાન અધીકાર ભોગવું તો તમે મને માફ કરી દેશોને? વચન આપું છું કે તમે કહો તેના સોગન્દ ખાઈને હું પણ તમારી માફી માગી લઈશ!’

એક બાબતનું હમ્મેશાં આશ્ચર્ય રહ્યું છે. બહુ ઓછી સ્ત્રીલેખીકાઓએ સ્ત્રીઓને રૅશનલ બનવાનો અનુરોધ કર્યો છે. આજના વીકસીત યુગમાં હવે પુરુષોને પાપડ, અથાણાં, કડવાચોથ કે સોળ સોમવારમાં ગળાડુબ રહેતી પત્નીઓ પસન્દ હોતી નથી. પતીને દેવ માની તેના ચરણોની દાસી બની રહેતી બહેનો કરતાં;

પતી સાથે દામ્પત્યના દરેક પ્રશ્નોની સમાન લેવલે ચર્ચા કરતી બૌદ્ધીક પત્ની જ પતીને વીશેષ ગમે છે. મોટા ભાગની સ્ત્રીઓ સન્તોષીમાની કથા, સોળ સોમવારની કથા કે વૈભવલક્ષ્મીની કથા વાંચે છે. તે કદી કોઈ સારા લેખકોનાં પુસ્તકો વાંચતી નથી. રોજ સવારે ઘરના મન્દીરીયા સામે બેસી કૃષ્ણએ અર્જુનને શું કહ્યું તે એકની એક વાત વાંચતી રહે છે; પણ દેશના મહાભારતમાં અર્જુનસીંઘે મનમોહનસીંઘને શું કહ્યું તે વીશે બેખબર હોય છે.

આપણે ત્યાં દીકરીને નાટકની, નૃત્યની કે જુડો કરાટેની તાલીમ આપનારી માતાઓ કેટલી? જો કે એવી એક માતાને હું ઓળખું છું જે દીકરીને કહે છે : 'પરણવાની ઉતાવળ કરીશ નહીં, પહેલાં તારા રસના વીષયોમાં ખુબ પ્રગતી કર! મુરતીયાઓ દોડતા આવશે. સ્ત્રી જીવનનો હેતુ માત્ર લગ્ન કરીને બાળકો પેદા કરવાનો નથી!' આવી પ્રગતીશીલ વીચારધારા સંસારની અડધી સ્ત્રીઓય અપનાવે તો સ્ત્રીઓની દયનીય હાલતમાં થોડો સુધારો થઈ શકે.

હમણાં એક દમ્પતીએ દુ:ખપુર્વક કહ્યું– 'અમારી દીકરી કોથળો ભરાય એટલાં નૃત્ય અને નાટકના શીલ્ડ જીતી લાવી હતી; પરન્તુ લગ્ન પછી બધું બન્ધ થઈ ગયું. પતીએ દીકરી પાસે નોકરીય છોડાવી દીધી છે. હવે ઘરમાં રસોઈ–પાણી કરી બેસી

રહેવું પડે છે. દીકરી ભારે મુંઝાય છે પણ શું કરીએ? પતી જેમ રાખે તેમ રહેવું પડે!'

પતીની ઈચ્છાને માન આપીને નોકરી યા અભ્યાસ છોડી ચુકેલી સ્ત્રીઓ કાળક્રમે તેની બધી જ તેજસ્વીતા ગુમાવીને સામાન્ય કક્ષાની ગૃહીણી બની રહે છે. વાચન, વીચાર કે શીક્ષણ જોડે તેનો સમ્પર્ક કપાઈ જાય છે. ઉપરથી તેણે અશીક્ષીત સ્ત્રીઓ વચ્ચે જીવવાનું આવે છે; તેથી શીક્ષીત સ્ત્રીઓ પણ કાળક્રમે ઓછું ભણેલી સ્ત્રી જેવું જ બોલતી, વીચારતી કે વર્તતી થઈ જાય છે. તેની ડીગ્રી કે જ્ઞાન પર અશીક્ષીત માહોલની ધુળ ફરી વળે છે. પરીણામે બી.એસસી. થયેલી સ્ત્રી અને બીજી ચોપડી ભણેલી સ્ત્રી, બન્ને વખત જતાં સમાન માનસીક લેવલે બોલતી, વીચારતી થઈ જાય છે.

ગામડામાં જ નહીં, શહેરોમાંય ઘરેલું ગૃહીણીઓનો મોટો વર્ગ આપસમાં જે ચર્ચા કરે તે તરફ કાન સરવા કરીશું તો સમજાશે કે તેમની વાતોમાં ઘરગથ્થુ પ્રશ્નો જેવા કે : 'તમે ઘઉં ભર્યા કે નહીં...? તમારી જુવાર શા ભાવની આવી...? અથાણાં માટે મસાલો કઈ દુકાનમાંથી લાવ્યા...? પાપડ અડદીયા કર્યા કે મરીવાળા? તમારા મંગળસુત્રનું ચાંદી કેવું નીકળ્યું? ફલાણાં બહેન ક્યારે સન્તોષીમાના શુક્રવાર ઉજવવાનાં છે? અથવા ઢીંકણીબહેને

ચાંદીના સેટને સોનાનું ગીલીટ કરાવ્યું તે તમે જોયું?’ આવી સામાન્ય કક્ષાની ચર્ચાઓ થતી રહે છે. બધી જ સ્ત્રીઓ અંગુઠાછાપ હોતી નથી; પણ તેઓની ચર્ચાનું સ્તર ક્યારેય ઉંચી કક્ષાનું હોતું નથી. આવું શાથી થાય છે?

સ્ત્રીઓને ન ગમે તેવી વાત છે; પણ સાચી છે. રામચન્દ્રજીની મુર્તીને લળી લળીને પુજતી સ્ત્રીઓ રામનો સીતાત્યાગ કેટલો વાજબી હતો તે મુદ્દા પર કદી ચર્ચા કરતી નથી; જ્યારે પુરુષોમાં કોંગ્રેસ પાર્ટી સારી કે ભાજપ તે પર તીવ્ર રસાકસીભરી ચર્ચાઓ થાય છે. ફ્યુઝનો તાર બાંધવા જેટલું સહેલું કામ બીજું એકે નથી. ફ્યુઝ ઉડી ગયો હશે તો સ્ત્રી ત્રણ કલાક અંધારામાં બેસી રહેશે; પણ ફ્યુઝ નાંખવાની કોશીશ નહીં કરે. પુરુષ ઈલેક્ટ્રીકનું કામ નહીં જાણતો હશે તોય જાતે ફ્યુઝ નાખી ઘરનું અન્ધારું દુર કરશે. ગેસના, દુધના, કેરોસીનના કે વીજળીના વધેલા ભાવો પર સ્ત્રીઓ કેવળ કકળાટ કરી શકે છે. પુરુષો એ ભાવવધારા પાછળ ખેલાતા રાજકીય ભ્રષ્ટાચાર અંગે ચર્ચા–વીચારણા કરી શકે છે. વાચન, વીચાર, મનન કે વર્તમાન પ્રવાહ જોડે જેમનો થોડો ઘણો સમ્બન્ધ જળવાઈ રહ્યો હોય એવી નોકરીયાત સ્ત્રીઓની તુલનામાં કેવળ ચુલો સંભાળતી સ્ત્રીઓમાં અબૌદ્ધીકતાનું પ્રમાણ વીશેષ જોવા મળે છે.

ગામડાંની અશીક્ષીત ઘરેલું ગૃહીણીઓને વાચનની એવી હદે એલર્જી હોય છે કે કેટલીક સ્ત્રીઓને પોતાના ઘરમાં કયું છાપું આવે છે તેનીય ખબર હોતી નથી. ઘણાં ઘરોમાં તો છાપાં–સામયીકો આવતાં જ નથી. હું ગામડાના એક ધનાઢ્ય ખેડુતને ઓળખું છું, જેને ત્યાં પગલુંછણીયામાંય મોતી મઢી શકાય એટલો ધનવૈભવ છે. વર્ષે દહાડે વીસ લાખની ખેતી સીવાય શૅર વગેરેની અન્ય આવક છે; પણ બાપડા એવા ગરીબ છે કે તેમને ત્યાં એકે છાપું આવતું નથી. એ મોટા ખોરડાની વહુએ મને એકવાર મારી લેખન પ્રવૃત્તી વીશે પુછેલું: 'તમે આ બધું શામાંથી ઉતારો છો?' અર્થાત્ આ બધા વીચારો સ્વયમ્ સ્ફુરી શકે એવી એને બાપડીને કલ્પના જ નહીં!

અથાણાં, પાપડ–પાપડી, અલુણાં, સોળ સોમવાર કે વૈભવલક્ષ્મીના વ્રત ઉપવાસમાં જ ગળાડુબ રહેતી ગૃહીણીઓ ભલે તેમ કરતી રહે; પણ સમાજમાં પોતાની સ્થીતી પ્રત્યે થોડી જાગ્રત બની વીચારતી થાય તે જરુરી છે. એવી ઘરેલું ગૃહીણીઓ સલમાન રશદીનું 'શેતાનીક વર્સીસ' ભલે ન વાંચી શકે; પણ કુન્દનીકા કાપડીયાની 'સાત પગલાં આકાશમાં' વાંચવાથી વંચીત ન રહી જવી જોઈએ. સન્તોષીમાના શુક્રવારની કથા કરતાં 'ગૃહશોભા', 'સ્ત્રી' કે 'સન્નારી' પુર્તીનો અભ્યાસ કરતી સ્ત્રીઓ સાચી દીશામાં મુખ રાખીને ઉભી છે એમ કહી શકાય! (તેમણે ઝડપથી ડગલાં

ભરવાની જરુર છે.) સ્ત્રીઓને સ્વયમ્ વીચાર ન સ્ફુરે તે ગુનો નથી. (બધી સ્ત્રીઓને તસ્લીમા નસરીન બનવાનું ફરજીયાત નથી) પણ લેખકો, વીચારકો કે સમાજશાસ્ત્રીઓએ સુચવેલા ઉપાયો પર તેમણે પોતાની રીતે વીચારતાં શીખવું જોઈએ.

**05**

## ઈશ્વર : દુનીયાનું એક અઘરું ઉખાણુ!

અનુક્રમણીકા

ઈશ્વર વીશે દુનીયાભરના ચીંતકો સદીઓથી બૌદ્ધીક વ્યાયામ કરતાં આવ્યા છે. જેને જે સમજાય તે કહે છે. ઈશ્વર વીશેની માન્યતાઓ સાથે તેનો તાળો મળતો નથી. સત્ય જોડે એનો મેળ ખાય તોજ એ વીચારવલોણું સાર્થક થયું લેખાય. જો કે અન્તીમ સત્ય ક્યાં છે એ મુદ્દો હમ્મેશાં વીવાદાસ્પદ રહ્યો છે. કહેવાય છે કે માન્યતાઓના વાદળો ઓથે સત્યનો સુરજ ઝાઝીવાર સુધી છુપો રહી શકતો નથી; પણ માન્યતા અને સત્ય વચ્ચે ક્યારેક સાપ અને દોરડા જેવું સામ્ય હોય છે, તો ક્યારેક હાથી અને હરણ જેવો તફાવત! સત્ય એવાં વીવીધ અન્તીમો વચ્ચે કયાંક છુપાયેલું છે. ઈશ્વરના અસ્તીત્વ વીશે થોકબન્ધ લખાયા પછીય એ રહસ્ય વણઉકેલ્યું જ રહ્યું છે. એમ કહો કે ઈશ્વરનું અસ્તીત્વ એ આ દુનીયાનું સૌથી અઘરું ઉખાણું છે.

વીશ્વના બધાં  દેશોમાં ઈશ્વર વીષેના ચીંતન મનન થતાં રહ્યાં છે. થોડાંક વર્ષોથી આપણે ત્યાં રૅશનલ વીચારધારાનો વીકાસ

થતાં ઈશ્વર વીશેનો નુતન દૃષ્ટીકોણ અમલમાં આવ્યો છે; પણ તેનું પ્રમાણ સીંધુમાં બીન્દુ સમુ અલ્પ છે. આપણું ભારતીય જનજીવન ધાર્મીક સંસ્કૃતીના આધ્યાત્મીક રંગે રંગાયેલું છે. અહીં ઈશ્વરની ભક્તી પાછળ બેહદ સમય, શક્તી અને નાણા વેડફવામાં આવે છે. પશ્ચીમના દેશોમાં એવું થતું નથી. ત્યાં રોજ મન્દીરે જઈ મુર્તીની ફરતે પ્રદક્ષીણા ફરવાનો કે સાષ્ટાંગ દંડવત પ્રણામ કરવાનો કોઈ પાસે સમય હોતો નથી. છતાં તેઓ આપણાં કરતાં અનેક રીતે ચડીયાતી પ્રજા છે.

આસ્તીક્તા– નાસ્તીક્તા એ વૈચારીક સ્વાતન્ત્ર્યનો મુદ્દો છે. તે અપરાધ નથી; પરન્તુ આસ્તીક્તાનો અતીરેક જાહેર જનજીવનમાં અપરાધકીય પરીણામો સર્જતો હોય તો તેને સામાજીક અપરાધ ગણવો જોઈએ. આપણી પ્રજાના લોહીમાં વધુ પડતી આસ્તીક્તા ભળી ગઈ છે. કમળામાંથી કમળી થઈ જાય એમ અહીં ભક્તીમાંથી ભવાઈ થઈ ગઈ છે. શીક્ષીતોય તેમને ગળથુથીમાંથી પ્રાપ્ત થયેલ ભક્તીના સંસ્કારોમાં ગળાડુબ હોય છે. વીજ્ઞાન ભણાવતો શીક્ષક હનુમાનજીની ખફા દૃષ્ટી વહોરવી ન પડે તે માટે શનીવારે હજામત કરાવતો નથી. ઘણાં ડૉક્ટરો પોતાના દવાખાનાની બારસાખે લીંબુ અને મરચું લટકાવે છે. અરે! કૉમ્પ્યુટરની ઈન્સ્ટીટયુટમાં લીંબુ અને મરચું લટકતું મેં જોયું છે. આ દેશમાં ઉપગ્રહ છોડતી વેળા સાયન્ટીસ્ટો નારીયેળ ફોડે છે.

સરકસમાં ખેલ બતાવતો વાંદરો ખેલ પુરો થયા બાદ અન્ય સાધારણ વાંદરાથી અલગ વર્તન કરતો નથી. આપણો કહેવાતો શીક્ષીત માનવી એ સરકસીયા વાંદરાની પ્રતીમુર્તી છે. તેના વીચારો અને વર્તન વચ્ચે હાથી અને હરણ જેવો તફાવત છે. વૈચારીક રીતે તેનું સમ્પુર્ણ બૌદ્ધીક સ્વરુપ પ્રગટ થાય છે; પણ વાસ્તવીકજીવનમાં તે અન્ય સાધારણ માનવી જેવી સેંકડો જડ વીચારધારાનો ગુલામ હોય છે.

સીનેમા હૉલમાં બે માણસો ફીલ્મ જોઈ રહ્યાં છે. એક માણસ શહેરી છે. તે તલ્લીન બની અઢી કલાક સુધી ફીલ્મની પુરી મજા માણે છે. બીજો માણસ ગામડીયો છે. તે પરદા પર દેખાતા રંગીન ચીત્રને અલૌકીક શક્તી માની હાથ જોડી પ્રણામ કરે છે. દુનીયાની વસ્તી બે પ્રકારના માણસોમાં વહેંચાઈ ગઈ છે. પ્રથમ વર્ગમાં બૌદ્ધીક માણસોનો સમાવેશ થાય છે. જેઓ દુનીયાની ફીલ્મ પુરી તન્મયતાથી માણે છે. બીજો વર્ગ એવા માણસોનો છે જેઓ દુનીયાની ફીલ્મ જોઈ ક્ષણે ક્ષણે એના સર્જકને યાદ કરે છે. તેની પુજા કરે છે. અને એ પ્રવૃત્તીમાં એવા ખોવાઈ જાય છે કે ન ફીલ્મ માણી શકે છે ન ફીલ્મના સર્જકનું પગેરું શોધી શકે છે. દુનીયામાં આ બન્ને પ્રકારના માણસો આસ્તીક અને નાસ્તીકના મોરચામાં વહેંચાઈ ગયા છે.

એક વર્ગ માને છે – આ દુનીયાને સર્જનાર કોઈક છે. તે અદૃશ્યપણે કઠપુતળીની જેમ આ વીશાળ જગતનો કારોબાર ચલાવી રહ્યો છે. બીજો વર્ગ એવું વીચારે છે– ભગવાન, ઈશ્વર, ખુદા એ બધી માનવીની મીથ્યા માન્યતાઓ છે. ઈશ્વરનું અસ્તીત્વ છે જ નહીં. આ દુનીયા કેવળ એક અકસ્માત છે. વીજ્ઞાનની મદદથી માણસ તેને ચલાવે છે. ઈશ્વર વીશેનું આ વૈચારીક યુદ્ધ વર્ષોથી ચાલતું આવ્યું છે. સત્ય જે હોય તે, પણ એટલું સ્પષ્ટ છે કે માનવીનો આ દુનીયા સાથેનો સમ્બન્ધ બુદ્ધીગમ્ય હોવો જરુરી છે. જગતના જનરેટરની સ્વીચ માનવીના દીમાગમાં આવેલી છે. યાદ રહે ફીલ્મના પરદાને પગે લાગતા જીવતા માણસ કરતાં ફીલ્મનું નીર્જીવ રીલ જગતને વધુ ઉપયોગી છે.

ભુસ્તરશાસ્ત્રીઓના મત મુજબ જાપાનની ભુગર્ભીય સ્થીતી એવી લાવાયુક્ત છે કે ત્યાં ધરતીકમ્પ વારંવાર થાય છે. જાપાનીઓએ એના ઉપાય તરીકે પુઠાંના ઘરો વીકસાવ્યાં છે. જે ધરાશાયી થાય ત્યારે કોઈની જીવહાની થતી નથી. કુદરત સાથેનું આવું બુદ્ધીગમ્ય તાદાત્મ્ય જ સાચી સમજ લેખાય. આપણે ત્યાં આવું થતું હોત તો તેને કુદરતનો પ્રકોપ માની લેવાતો હોત અને તેના ઉપાયરુપે પુજા–પાઠ, હોમ–હવન કે યજ્ઞો ચાલું થઈ જતાં હોત. સુરતમાં વર્ષો પુર્વે પ્લેગ ફાટી નીકળ્યો હતો ત્યારે કથા–કીર્તન, પુજા–પાઠ, હોમ–હવન વગેરે ચાલુ થઈ ગયા હતા. કદાચ

મનની શાંતી માટે તેવું કરવામાં આવતું હોય તો વ્યક્તીની તે અંગત બાબત ગણી ક્ષમ્ય લેખાય..! પરન્તુ રોગમુક્તીઅર્થે જાહેરમાં આવા ધાર્મીક ક્રીયાકાંડો કરવામાં આવે છે. રમુજની વાત એ છે કે પ્લેગ ફાટી નીકળે એવી ચોમેરની ગન્દકી દુર કરવાનો આપણે કોઈ જાહેર પ્રયત્ન કરતાં નથી અને તેની નાબુદી માટે જાહેરમાં પુજા પાઠ કરાવીએ છીએ. વર્લ્ડકપની મૅચમાં ભારતની જીત થાય તે માટે પણ આપણે ત્યાં હોમ–હવન કે કથા વગેરે કરાવવામાં આવે છે. શ્રદ્ધાનો આવો અતીરેક ઉચીત નથી.

કોઈ શ્રદ્ધાળુ મન્દીરમાં બેસી ઈશ્વરભક્તી કરતો હોય અને મન્દીરનો ગુમ્બજ તેના મસ્તક પર તુટી પડે તો સૃષ્ટીનો કોઈ ભગવાન તેને લોહીલુહાણ થતાં બચાવી શકતો નથી. આપણે ત્યાં એવા કીસ્સામાં મન્દીરનું બાંધકામ કરનાર કોન્ટ્રાક્ટરને સજા કરવાને બદલે એમ માનવામાં આવે છે કે મન્દીરનું મોત કોના ભાગ્યમાં? ભગવાનના ચરણોમાં મર્યા એટલે સીધા સ્વર્ગમાં ગયા! માનવજીવનમાં ઈશ્વર પ્રત્યેની આસ્થાનું પ્રમાણ દાળમાં નમક જેટલું હોવું જોઈએ. ઈશ્વરને સમજ્યા વીનાની આંધળી આસ્તીક્તા અન્ધારામાં છોડાતા તીર જેવી હોય છે. શ્રદ્ધાના ગાંડપણ કક્ષાના અતીરેકથી માણસે બચવું જોઈએ.

◆●◆●◆

06

# અન્ધશ્રદ્ધાનું મનોવીજ્ઞાન

અનુક્રમણીકા

જરા ઝીણવટથી અન્ધશ્રદ્ધાનું અવલોકન કરીશું તો સમજાશે કે કોર્ટમાં ગીતા પર હાથ મુકીને સાચું બોલવાના સોગન્દ ખાવા એને પણ અન્ધશ્રદ્ધા કહી શકાય. સોગન્દનું મુળ ગોત્ર જ અન્ધશ્રદ્ધા છે! કેટલીક બાબતો બાલ્યકાળની ગળથુથીમાં ઘુંટાઈને માનવપ્રકૃતીમાં એવી જડાઈ જાય છે કે શીક્ષીત માણસો પણ ક્યારેક સોગન્દનો સહારો લેતા હોય છે.

ગ્રામીણ ધરતી પર જન્મીને મોટો થયો છું એટલે– ‘અમાસને દીવસે ખીચડી ન રન્ધાય’થી માંડી ‘દીકરીથી બુધવારે સાસરે ના જવાય…!’ જેવી તમામ અન્ધશ્રદ્ધાનો મને સુપેરે પરીચય છે. બાળપણમાં હાથે માદળીયાં બાંધીને ફર્યો પણ છું. જો કે એ અન્ધશ્રદ્ધામાં મારો કોઈ હાથ નહોતો. (કેવળ મારો હાથ વપરાયો હતો!) મારે કહેવું જોઈએ આ એકવીશમી સદીમાં પણ અમારા વતનમાં ભગત–ભુવા, બાધા–આખડી, દોરા–ધાગા કે જન્તર–મન્તરની બોલબાલા પ્રવર્તે છે. કેટલાંક ભગતોની તો અઠવાડીયા

અગાઉથી ઍપોઈન્ટમેન્ટ લેવી પડે છે. (લુંટાવા માટે ય લોકો લાઈન લગાવીને ઉભા રહે છે!)

એક પ્રસંગ યાદ આવે છે. માણસ પોતાના દુઃખના નીવારણ અર્થે ભગત ભુવા પાસે જાય એ વાત નવી નથી; પણ અમારા ગામનો એક ડ્રાઈવર પોતાની ટ્રક લઈ ધરમપુર, ભગત પાસે એવી ફરીયાદ લઈને ગયો હતો કે ટ્રકને કોઈ ભુતપ્રેતના વળગાડની અસર છે. તેમાં પુરાવેલું પેટ્રોલ ભુત પી જાય છે. અને ટ્રક રાત્રીના સમયે અટકીને રોડ પર ઉભી રહી જાય છે. ભગતે તેને લીમ્બુ અને મરચું મન્તરી આપી ટ્રકના આગળના ભાગે બાંધેલું રાખવાની સલાહ આપી છે. (મીત્રો, લીમ્બુ અને મરચું બાંધેલી કોઈ ટ્રક તમારી નજરે પડે તો નક્કી જાણજો તે અમારા ગામની 'પ્રેતશક્તી'વાળી ટ્રક છે.)

આ વાત જાણવા મળી ત્યારે અમારા બચુભાઈએ કહ્યું– 'નર્મદ જીવીત હોત તો તેને આ જાણી એટલો આઘાત લાગ્યો હોત કે તેણે એ ટ્રકના પૈંડા નીચે કચડાઈને આત્મહત્યા કરી લીધી હોત! એમ કહો કે અન્ધશ્રદ્ધાની વેદી પર વધેરાઈ જઈને તેણે કમળપુજા કરી હોત!'

આજકાલ લગ્નની મોસમ ચાલે છે. કંકોતરીઓનો અભ્યાસ કરીશું તો જણાશે કે દશમાંથી સાત કંકોતરીઓ એવી

હશે જેમાં નીમન્ત્રક તરીકે મૃત વડીલોના નામ છાપવામાં આવ્યા હોય. અહીં પ્રથમ નજરે પ્રશ્ન થઈ શકે દુનીયામાં જેનું અસ્તીત્વ જ નથી એ મૃત વ્યક્તી કોઈને આમન્ત્રણ શી રીતે આપી શકે? પણ આ મુદ્દો જરા જુદી રીતે વીચારવો પડશે. ઘણીવાર અન્ધશ્રદ્ધાને ય તેનું એક પોતીકું વજુદ હોય છે. વાજબીપણું હોય છે.

પ્રત્યેક બાબતને બુદ્ધીની ફુટપટ્ટીથી માપવાની આપણને ટેવ પડી ગઈ છે. એથી વીજ્ઞાને ન પ્રમાણી હોય એવી દરેક બાબતને આપણે અન્ધશ્રદ્ધા ગણી વખોડી કાઢીએ છીએ. વીજ્ઞાનની વ્યાખ્યા પ્રમાણે માણસની કેટલીક વર્તણુક અન્ધશ્રદ્ધા ગણાય છે; પરન્તુ તેમાં ભારોભાર લાગણીનો અન્ડર કરન્ટ પ્રવાહ વહેતો હોય છે. આપણે ભાગ્યે જ તે વાતને રૅશનલી સમજવાની કોશીષ કરીએ છીએ. લાગણી એ જીવનનું અત્યન્ત અનીવાર્ય અંગ છે. હમણાં એવી એક કંકોતરી હાથમાં આવી. જેમાં કન્યાના અવસાન પામેલ પીતાનું નામ નીમંત્રક તરીકે લખવામાં આવ્યું હતું. કંકોતરી લાવનાર જોડે થોડી ઘનીષ્ઠતા હતી એથી તેમને પુછ્યું ‘કંકોતરીમાં સ્વર્ગસ્થ વ્યક્તીનું નામ ન લખ્યું હોત તો ન ચાલત? મૃત વ્યક્તી કેવી રીતે નીમન્ત્રણ આપી શકે?’

જવાબમાં મીત્રે કહ્યું : ‘કાકાજીને દીકરી પરણાવવાનો ભારે ઉમળકો હતો; પણ અચાનક તેઓ હાર્ટએટેકમાં મૃત્યુ પામ્યા.

મર્યા ત્યારે એમની જબાન ચાલી ગઈ હતી. બોલી નહોતા શક્યા. પણ એમની આંખોમાં આભ ગજવી દે તેવું આક્રન્દ દેખાતું હતું. જાણે કહેતાં હતાં ‘અરેરે, હું મારી દીકરીનું કન્યાદાન ન કરી શક્યો!’ દીકરીના લગ્ન અંગે એમના દીલમાં પ્રગાઢ લાગણી હતી. એ વડીલને નામે જ કંકોતરી છપાય એવી ઘરના સૌની પ્રબળ ઈચ્છા હતી. એથી શ્રદ્ધા અન્ધશ્રદ્ધાનો ખ્યાલ બાજુ પર રાખી અમે કાકાજીના નામે કંકોતરી છપાવી. કાકાજી સુધી એ લાગણી પહોંચી હશે કે નહીં તે ભગવાન જાણે પણ ઘરનાં માણસોને આનન્દ થયો છે. તેમના દીલનો કોઈ ખુણો સચવાયો છે. સ્વજનના મૃતદેહ પર ફુલ ચઢાવવાથી કોઈ ફાયદો થતો નથી તે આપણે જાણીએ છીએ પણ તેમ કરવાથી દીલને સારું લાગે છે. બુદ્ધી કરતાં આ લાગણીનો પ્રશ્ન વધુ છે!’

માણસ મરે છે ત્યારે તેનો નશ્વર દેહ નષ્ટ પામે છે પણ તેની યાદ, તેના સંસ્મરણો, તેની ઈચ્છા– અનીચ્છાઓ કે લાગણીભીના સમ્બન્ધોની સુગન્ધ નષ્ટ થઈ જતી નથી. પીંડ એક મીનીટમાં કપાઈ જાય છે. જીવનભરની લાગણીના સમ્બન્ધો એક મીનીટમાં કપાઈ જતાં નથી. એક મીત્રે વ્યંગ કર્યો : ‘તમે રૅશનાલીસ્ટો મુર્તીપુજાનો વીરોધ કરો છો એથી સીતાજીએ અશોક વાટીકામાં પોતાના આંસુમાંથી રામચન્દ્રજીની મુર્તી બનાવી પુજા કરી હતી તે બાબતનેય નીરર્થક લાગણીવેળા ગણાવી શકો છો.

અથવા રામચન્દ્રજી વનમાં ગયા ત્યારે ભરતે અયોધ્યાની ગાદી પર બેસીને રાજ કરવાને બદલે રામની પાવડીની પુજા કરી હતી એ બાબતનેય સો ટકા અન્ધશ્રદ્ધા ગણી શકો. પરન્તુ આવા કીસ્સામાં સંડોવાયેલી એક પ્રચંડ શક્તીશાળી માનવીય સચ્ચાઈને નજરઅન્દાજ કરવા જેવી નથી. તે સચ્ચાઈનું નામ છે– લાગણી... ભાવના!' વાત ખોટી નથી.

રામચન્દ્રજી લાગણીની વાત સમજતા હતા એથી શબરીના એંઠા બોર ખાવામાં એમને આરોગ્યશાસ્ત્રનો કોઈ બાધ નડયો નહોતો. (જો કે મારે એમને પુછવું હતું– લાગણીને સમજનારા રામચન્દ્રજીએ સીતાજીનો બબ્બેવાર ત્યાગ કર્યો હતો ત્યારે સીતાજીની લાગણીને તેઓ કેમ સમજી નહોતા શક્યા? પરન્તુ મુળ વાત અન્ધશ્રદ્ધાની હતી એથી એ વીવાદપ્રેરક પ્રશ્ન અસ્થાને હતો.)

તાત્પર્ય એટલું જ જીવનમાં ઘણીવાર લાગણીના પ્રવાહમાં તણાઈને અન્ધશ્રદ્ધાને શરણે થવું પડે છે. પુત્રકામેષ્ઠી યજ્ઞનો વીરોધ કરનારે ખુદ પુત્રપ્રાપ્તી માટે પત્ની જોડે મન્દીરના પગથીયાં ઘસવા પડે એવું બની શકે છે. સત્યનારાયણની કથામાં વીશ્વાસ ન ધરાવતા હોઈએ તો પણ દશ માણસો વચ્ચે બેઠાં હોઈએ અને કોઈ સત્યનારાયણનો પ્રસાદ આપે તો તેને ફેંકી દઈ શકાતો નથી. સામે પુજાની આરતી ધરવામાં આવે ત્યારે એમ કહી શકાતું નથી– 'ના,

હું આરતીમાં માનતો નથી!’ કદાચ એ જ કારણે આસ્તીક હોવા કરતાં નાસ્તીક હોવામાં વીશેષ જવાબદારી રહેલી છે. આસ્તીકો અલ્લાહ કે ઈશ્વરના નામ પર ખુન વહાવી શકે છે. બૌદ્ધીકોએ કોઈની લાગણીનું ખુન કરતાં પુર્વે દશવાર વીચાર કરવો પડે છે.

# યુવાપેઢી અને રૅશનાલીઝમ

અનુક્રમણીકા

થોડા મહીના પુર્વેનો એક લગ્નપ્રસંગ સાંભરે છે. ગ્રહશાંતેક થઈ રહી હતી. યજ્ઞમાં ઘી હોમવાનો સમય આવ્યો એટલે બ્રાહ્મણે કન્યાના માબાપની પાછળ તેમના કુટુમ્બીઓને એકમેકને અડીને ઉભાં રહેવા જણાવ્યું. આ વીધી કુતુહલભાવે નીરખી રહેલા પન્દરેક વર્ષના એક કીશોરને પ્રશ્ન થયો– આ રીતે એકબીજાને હાથ અડાડીને ઉભા રહેવાનો શો મતલબ? એમ કરવાથી શો ફાયદો? એવું ના કરીએ તો શું નુકસાન થાય? છોકરાએ તેના પીતાને પ્રશ્ન પુછી તંગ કરી નાખ્યા. એમણે કંટાળીને મને ખો આપતાં કહ્યું– 'આ અંકલને પુછ, એ તને બધું સમજાવશે!'

મેં એ છોકરાને તેના તમામ પ્રશ્નો સહીત બચુભાઈને હવાલે કર્યો. બચુભાઈએ તેની સાથે થોડી રોકડી વાતો કરી. 'બેટા, તને તારા પ્રશ્નોનો સાચો જવાબ કોઈ નહીં આપે. કેમ કે જે સત્ય છે તે સ્વીકારવાની હીમ્મત કોઈ પાસે નથી. સાંભળ, સાચો જવાબ એ છે કે આવા ધાર્મીક કર્મકાંડો નર્યા અર્થહીન છે. બધું જ બોગસ

છે. પરમ્પરાગત છે. ગ્રહશાંતેક વેળા બધાં એકમેકને અડીને કેમ ઉભાં રહે છે એ પ્રશ્ન પછી આવે, હું તો કહું છું આ ગ્રહશાંતેક જ શા માટે કરવામાં આવે છે? શો ફાયદો થાય છે એનાથી? શું ગ્રહશાંતેક સાંસારીક સુખશાંતીની ગેરન્ટી બની શકે છે? સીવીલ મેરેજ કરનારા ક્યાં ગ્રહશાંતેક કરાવે છે? વીદેશોમાં લગ્નવેળા આવી કોઈ ગ્રહશાંતેક કરાવવામાં આવતી નથી. તે સૌના લગ્નો શું નીષ્ફળ જાય છે? કોઈ વડીલને પુછીશ તો તે એવું સમજાવવાની કોશીષ કરશે– કુટુમ્બના સર્વ સભ્યો સુધી ગ્રહશાંતેકનું ફળ પહોંચી શકે તે માટે સૌ એકમેકને અડીને ઉભા રહે છે!' કેમ જાણે યજ્ઞનું પુણ્ય એ વીદ્યુતનો કરન્ટ ના હોય? તું કદી આવી વાતોમાં વીશ્વાસ કરીશ નહીં. આ બધાં પરમ્પરાગત કર્મકાંડો જીવનના સુખદુ:ખ પર રજમાત્ર અસર કરતાં નથી!'

ખબર નહીં છોકરો બચુભાઈની વાતો કેટલી સમજી શક્યો હશે; પરન્તુ તે પ્રશ્ન પુછતાં અટક્યો. સદ્‌ભાગ્યે ઉગતી પેઢીમાં રૅશનલ અભીગમનો વીકાસ થઈ રહ્યો છે. નવી પેઢીના બાળકો સમાજના અન્ધશ્રદ્ધાયુક્ત વીચારો કે રીવાજો સાથે સમ્મત થતાં નથી.

નાનપણમાં મને માદળીયું પહેરાવવામાં આવતું. હું તે ચુપચાપ પહેરી લેતો. મારે માટે કેવળ એટલું પુરતું હતું કે એ

માદળીયું મારા માવતરે મને પહેરાવ્યું છે. અને મારે તે પહેરી રાખવાનું છે. હવે સમય બદલાયો છે. આજે હું મારા દીકરાને એવું માદળીયું પહેરાવું તો તે દશ સવાલો કરશે. આ શું છે? મારે તે શા માટે પહેરવાનું છે? એ માદળીયું કંઈ રીતે દુ:ખો મટાડી શકે છે? એ રીતે દુ:ખો મટી શકતા હોય તો ડૉક્ટરો દવાને બદલે માદળીયાં કેમ નથી આપતા? આવા પ્રશ્નો વાલીઓને અકળાવે છે. મારા માવતરને હું નાનપણમાં વધુ ડાહ્યો ડમરો અને આજ્ઞાંકીત લાગ્યો હોઈશ; પણ મારી તે આજ્ઞાંકીતતામાં અજ્ઞાન હતું. કદાચ માનસીક રીતે આજના બાળકો ઘણાં તેજસ્વી હોય છે. તેમને પ્રશ્નો બહું થાય છે. તેમના એ પ્રશ્નો વાલીઓને જીવનનાં નક્કર સત્યોની સન્મુખ ખડાં કરી દે છે.

એક પરીચીત કુટુમ્બમાં 80 વર્ષના વૃદ્ધનું અવસાન થયું. ઘરના વડીલો શ્રાદ્ધ વગેરેની તૈયારીમાં પડ્યા. એ કુટુમ્બની બે દીકરીઓ કૉલેજમાં ભણે. તેમણે એ શ્રાદ્ધ કીયાનો વીરોધ કરતાં કહ્યું : ‘પપ્પા, પૈસા અને સમયની બરબાદી સીવાય આનો કશો અર્થ નથી. માણસને જીવતાં જીવત જે સુખો આપી શકીએ તે જ સાચાં. મરણ પછી કાંઈ ઉપર પહોંચતું નથી. એને બદલે દાદાના નામે સ્કુલોમાં કે બ્લડબેંકમાં થોડું દાન કરશો તો તે વધારે ઉપયોગી થશે!’

અલબત્‌એ જુદી વાત હતી કે વડીલોએ દીકરીનું માન્યું નહીં, અને તમામ ખર્ચાળ મરણોત્તર શ્રાદ્ધ ક્રીયા કરાવી. પરન્તુ દીકરીનો આવો વૈચારીક વીરોધ આશાનું કીરણ જન્માવે છે. આજના બાળકો સમાજમાં દીમાગ ખુલ્લું રાખી બધું જુએ છે. જોઈને વીચારે છે. આંખ મીચીંને કશું સ્વીકારી લેતાં નથી. તેમને પ્રશ્નો ઉદ્‌ભવે છે ત્યારે તેઓ ચુપ બેસતાં નથી. વડીલોને પ્રશ્નો પુછીને મુંઝવી નાંખે છે. વડીલોના સ્પષ્ટીકરણથી તેમને સંતોષ ના થાય તો વાત માનવાનો સ્પષ્ટ ઈન્કાર કરી દે છે. દીમાગનું જનરેટર જીવન્ત હોય તો જ પ્રશ્નો થઈ શકે છે.

એ સન્દર્ભે સ્વામી સચ્ચીદાનન્દજીએ એક સુન્દર પ્રસંગ ટાંક્યો છે. ‘આપણે અને પશ્ચીમ’ નામના તેમના પુસ્તકમાં ‘દુધની ધારા’ શીર્ષક હેઠળ તેઓ લખે છે. ‘એક પરીચીત કથાકાર મળ્યા. તેમણે એક સ્વાનુભવ ટાંકતાં કહ્યું : ‘જૈનોની સભામાં મેં કહ્યું કે ભગવાન મહાવીરને ચંડકોશીયો નાગ કરડ્યો અને લોહીની જગ્યાએ દુધની ધારા છુટી. શ્રોતાઓ તો રાજી રાજી થઈ ગયા. શ્રોતાઓના ઉમળકાથી વક્તાને ઉત્સાહ આવતો હોય છે. એટલે મેં પણ માન્યું કે પ્રવચન ખુબ જામ્યું. પણ રાતના અઢી વાગ્યે એક જૈન સજ્જનનો ફોન આવ્યો. તેમણે કહ્યું કે ‘તમારું પ્રવચન સાંભળવા મારો ચૌદ વર્ષનો પુત્ર પણ આવ્યો હતો. સર્પ કરડવાથી લોહીની જગ્યાએ દુધની ધારા છુટી તે વાત તેના મગજમાં ઉતરી

નથી. તે મારું માથુ ખાઈ ગયો કે પપ્પા, શું આવું બને ખરું? જો નસોમાં લોહીની જગ્યાએ દુધ ફરે તો માણસ જીવી જ ના શકે વગેરે વગેરે અનેક પ્રશ્નો પુછે છે. અત્યારે અઢી વાગ્યે પણ તે ઉંઘતો નથી કે ઉંઘવા દેતો નથી. હવે તમે જ તેનું સમાધાન કરો એમ કહીને તેમણે રીસીવર પુત્રને આપી દીધું. હું શું સમાધાન કરું? આજ સુધી સેંકડો વાર કથામાં મેં આ પ્રસંગ કહ્યો હશે પણ આવું તો કોઈએ પુછ્યું જ ન હતું. બધાં રાજી રાજી થઈ જતાં. એ બાળકને હું શો જવાબ આપું? મેં રીસીવર મુકી દીધું. કારણકે મારી પાસે જ એનો ઉત્તર નહતો!'

અમારી મીત્રમંડળીમાં આ ઘટના જાણી બચુભાઈએ ક્યાંક વાંચેલો એક પ્રસંગ કહ્યો. એ પ્રસંગ આમ તો બાળકનો એક રમુજી ટુચકો માત્ર છે; પરન્તુ દોરા ધાગા કે તાવીજ પહેરનારા માણસો પર એમાં હળવો વ્યંગ છે. એ સંવાદ આ પ્રમાણે હતો.

સ્કુલેથી ઘરે આવેલ સંજુને મમ્મીએ પુછયું– 'સવારે તારા ગળામાં મેં તાવીજ પહેરાવ્યું હતું તે ક્યાં ગયું? સંજુએ કહ્યું, 'મમ્મી, તેં કહ્યું હતું કે એ તાવીજ પહેરવાથી કોઈ દુઃખ આવવાનું હોય તો ટળી જાય છે. એથી મેં તે દીપકને આપ્યું છે!'

મમ્મીએ પુછ્યું, 'દીપકને કેમ આપ્યું? '

સંજુ બોલ્યો– ‘આજે ક્લાસમાં એ હોમવર્ક કર્યા વીના આવ્યો હતો!’

‘ઓહ બબુચક! ઘરે આવતી વેળા એની પાસેથી તે લઈ લેવું હતું ને?’

‘મમ્મી, સ્કુલમાં દીપક સીગારેટ પીતાં પકડાયો હતો. ટીચરે એના પપ્પાને કડક કાગળ લખ્યો છે. એથી સાંજે ઘરે પણ દીપકને એ તાવીજની જરુર પડવાની છે!’

મમ્મીએ કપાળે હાથ દેતાં કહ્યું, ‘હું તો પરેશાન થઈ ગઈ છું તારાથી... એક તો આજે ટીવી તુટી ગયું છે. તારા પપ્પા જાણશે તો બહું ખીજાશે!’

‘ચીંતા ના કર મમ્મી, હું હમણાં જ પેલું તાવીજ દીપકને ત્યાંથી લઈ આવું છું. એને કહીશ, અમારે ત્યાં તાવીજની ખાસ જરુર ઉભી થઈ છે!’

08

## કંકુવરણા કાવતરાં

અનુક્રમણીકા

ભારતીય પ્રજાને ત્રણ વર્ગોમાં વહેંચી શકાય. પ્રથમ વર્ગ આસ્તીકોનો છે. તેઓ માને છે– આ સૃષ્ટીનું સ્કુટર પ્રભુ નામના પેટ્રોલથી ચાલે છે. બીજો વર્ગ નાસ્તીકનો છે. તેઓ માને છે– એ સ્કુટર સ્વયં સંચાલીત છે. તેની તમામ ગતીવીધીમાં ભગવાનનો કોઈ હાથ નથી. અને ત્રીજો વર્ગ તટસ્થ લોકોનો છે. તેઓનું કહેવું છે– ‘ઈશ્વર હોઈ પણ શકે... ન પણ હોય! પણ માણસના હોવા ન હોવા વીશે બે મત નથી. એથી ઈશ્વરની વાત છોડી મનુષ્યોની સેંકડો સમસ્યાઓ અને તેના સુખદુઃખ વીશે જ વીચારો!’

માણસની સમસ્યા એ છે કે ઈશ્વરના રુપ– સ્વરુપ અને તેની કામગીરીની એની પાસે કોઈ ઠોસ સાબીતી નથી. દુધમાં પાણી ભેળવ્યું હોય તો મીટર દ્વારા જાણી શકાય છે. પણ ઈશ્વરના સ્વરુપને પારખવા માટે બુદ્ધી સીવાયની કોઈ ચકાસણી ઉપલબ્ધ નથી. ઈશ્વર વીશેના અનેક પ્રશ્નો અનુત્તર છે. ઈશ્વરની સાચી ભક્તી ક્યારે થઈ કહેવાય? ઈશ્વર માણસની ભક્તીની નોંધ લે છે કે નહીં? લેતો હોય તો માણસને તેની જાણ શી રીતે થઈ શકે?

ઈશ્વરની કૃપા– અવકૃપા માપવાનો આધારભુત માપદંડ કયો? ઈશ્વરના સ્વરુપ વીશે પણ માણસ સ્પષ્ટ નથી. પુરાણો અથવા ધર્મગ્રંથોમાં ચીતર્યા મુજબનો ભગવાન તેના મનમાં વસેલો છે.

ઈશ્વરભક્તી એવી પરીક્ષા છે જેનું રીઝલ્ટ જાહેર થતું નથી. ઈશ્વરભક્તી એવો પ્રેમપત્ર છે જેનો વળતો જવાબ મળતો નથી. ઈશ્વરને ચુંટણીના ઉમેદવાર તરીકે કલ્પી લઈએ તો દુનીયાના સઘળા આસ્તીકોને મતદાતા ગણવા રહ્યાં. કમનસીબે તેઓ એવા મતદાતા છે જેમનો મત કેન્સલ થઈ જાય છે તેની તેમને ખબર પડતી નથી. સંક્ષીપ્તમાં ઈશ્વર ભક્તી એટલે આકાશની દીશામાં ઉંચે ફેંકવામાં આવતો ટોર્ચનો પ્રકાશ! આકાશમાં એ ક્યાં અંકીત થાય છે તેનું કોઈ પ્રમાણ  મળતું નથી. ઈશ્વર ઝાંઝવાનું જળ છે. તે જીન્દગીભર પાછળ દોડવા પ્રેરે છે; પણ તેનાથી માણસની પ્યાસ બુઝાતી નથી. પ્રશ્ન થાય છે– ઈશ્વરના ચોપડામાં આખું વર્ષ જમા કરાવેલું પુજાપાઠનું પ્રોવીડન્ટ ફંડ ઘડપણમાં ડબલ થઈને પાછું મળે છે ખરું? ઘડપણનું છોડો મર્યા પછી તેમાંથી બીજા ભવમાં પુણ્યનું કોઈ પેન્શન મળે છે ખરું? આ પ્રશ્નોના જવાબ હકારમાં આપનારાઓની સંખ્યા મોટી છે; પરન્તુ સૃષ્ટી પરના ઈશ્વરના અનેક અટપટા આયોજન વીશે ઉંડાણથી વીચારનારા બૌદ્ધીકોને અનેક પ્રશ્નો ઉદ્‌ભવે  છે.

જેમકે– ‘હરીને ભજતાં હજી કોઈની લાજ જતાં નથી જાણી રે...’ એવું ભજનમાં ગવાયું છે પરન્તુ મન્દીરમાં જીન્દગીભર પુજાપાઠ કરનારા પુજારીને ત્યાં આંધળા લુલાં સંતાનો કેમ અવતરે છે? શું ઈશ્વરની ઑફીસમાં પી.એફ., ગ્રેજ્યુટી વગેરેમાં આવું અન્ધેર ચાલે છે? ખુદ કૃષ્ણભગવાનનો મીત્ર સુદામા ગરીબ કેમ હતો? સુખદુ:ખનો આધાર પરભવના સારા નરસા કર્મો પર જ રહેતો હોય તો એમ નથી લાગતું કે ભગવાનનો કેડો મુકી દઈ માણસે કર્મો જ સારા કરવા જોઈએ, જેના મીઠાં ફળ આ જન્મે જ પ્રાપ્ત થઈ શકે!

ઈશ્વરની ચર્ચા નીકળે છે ત્યારે પુર્વજન્મ અને તેના કર્મફળની વાત ખાસ ચર્ચાય છે. પ્રશ્ન ઉદ્‌ભવે છે– પુર્વજન્મ કે તેના કર્મફળની સાબીતી કઈ છે? કીડી તેના આખા અવતારમાં કોઈ પાપ કે પુણ્ય કરતી નથી. તેને બીજો અવતાર શેનો મળતો હશે? ભ્રષ્ટ રાજકારણીઓ, દાણચોરો, કે ગુંડાઓ આ જન્મે જ દુનીયાભરનો તમામ સુખવૈભવ ભોગવતાં હોય છે. બાકીના કરોડો લોકોને એવું સુખ મળતું નથી. શું એમ માનવું કે એ કરોડો લોકો પુર્વજન્મના પાપીઓ હશે? વર્ષો પુર્વે જયલલીતાના ઘરમાંથી હજારો સાડીઓ, સેન્ડલો અને હજારો સોના–ચાંદીના ઘરેણાં નીકળ્યાં હતાં. કોઈ ધર્મપંડીતને પુછીએ, એટલું ભવ્ય સુખ મેળવવા

જયલલીતાએ રોજ કેટલીવાર માળા ફેરવી હતી? કેટલાં યજ્ઞો કરાવ્યાં હતાં? કયા કયા પુણ્યો કર્યાં હતાં?

જગતભરના સંતો કે ધર્મગુરુઓ ભેગાં મળી ઈશ્વરના અસ્તીત્વનો કુટપ્રશ્ન હલ કરવા ધારે તોય કરી શકે એમ નથી. ઈશ્વરના પ્રશ્નો ઈશ્વરથીય અધીક પેચીદા છે. પૃથ્વીલોકની યુનીવર્સીટીમાં ઈશ્વર અંગેનો કોઈ માન્ય અભ્યાસક્રમ નથી. એની પરીક્ષા નથી અને પરીણામ પણ નથી. એથી ઈશ્વરને ભજવાનું કામ દુનીયાનું સૌથી સહેલું કામ છે. બચુભાઈ કહે છે– 'ઈશ્વર અને તેની કૃપા એટલે હવાનો ગોળો હવાના હાથમાં ઉછાળવા જેવી ઘટના! હાથ ક્યાં છે, હવા ક્યાં છે, ગોળો ક્યાં છે– કશું જ દેખાતું નથી. આખી પ્રક્રીયા માનસીક રીતે કલ્પી લેવાતી હોય છે. ચીત્રકાર નથી દેખાતો. પીંછી, રંગ અને કેનવાસ પણ નજરે પડતાં નથી; છતાં માણસ કહે છે– 'ચીત્ર ખુબ સુન્દર છે!' ભગવાન કરતાં માણસે ભગવાન વીશે વધુ ગુંચવાડા ઉભા કર્યા છે. માણસના દીમાગમાં ભગવાનના હજારો ચીત્રો અંકીત થયેલાં છે. દુર્ભાગ્યે એક ચીત્રનો બીજા ચીત્ર સાથે મેળ ખાતો નથી. દુનીયાના બધાં શ્રદ્ધાળુઓ ઈશ્વર વીશે એક મત થઈ શકતાં નથી.

મદ્રાસીઓ પેન્ટને બદલે લુંગી શા માટે પહેરે છે? કદાચ એનું કોઈ ઠોસ કારણ હોય તો એટલું જ કે તેમના પીતા અને

દાદા, પરદાદાઓ લુંગી પહેરતા હતાં. ઈશ્વરપુજા પણ માણસ માટે મદ્રાસીઓની લુંગી જેવી ઘટના છે. સદીઓથી માણસના પુર્વજો ઈશ્વરની પુજા કરતાં હતાં એથી આજનો માણસ પણ કરે છે. ઈશ્વર એ માણસની બાપુકી મીલકત છે. માણસને બાપદાદાની મીલકત વહાલી હોય છે. આસ્તીક્તા માણસનો આધ્યાત્મીક વારસો છે. સોનાનો બંગલો ખરીદી શકે એવો ધનાઢ્ય માણસ પણ બાપુકી ઝુંપડી માટે મરી ફીટે છે.

મુલતઃ માણસ લાગણીશીલ પ્રાણી છે. તેની લાગણીશીલતા તેને ઈશ્વરના અસ્તીત્વ તરફ દોરી જાય છે. તેને જીવનમાં સુખ મળે છે, સીદ્ધી મળે છે, ત્યારે તે વીચારે છે– ઈશ્વર સીવાય આવું સુખ કોણ આપી શકે? બાળપણથી માણસને શીખવવામાં આવે છે– દુનીયામાં બધું ભગવાનની કૃપાથી થાય છે. તેની ઈચ્છા વીના એક પાંદડુંય હાલતું નથી.

પરન્તુ નાસ્તીકોના વીચારો સામા છેડાના છે. તેઓ કહે છે– ‘જેના નામનો આ પૃથ્વી પર જબરજસ્ત હાઉ ઉભો કરાયો છે એ ઈશ્વર અસલમાં ખેતરના ચાડીયા જેવો છે. ચાડીયો પક્ષીઓ માટે ઉભો કરેલો હાઉ માત્ર છે. વાસ્તવમાં તે નીરુપદ્રવી પુતળું છે. ચાડીયાની અસલીયત જાણી ચુકેલાં ચતુર પક્ષીઓ ચાડીયાના માથે બેસી દાણા ચણે છે. ઘણાં ધાર્મીક ધુતારાઓ પણ ભગવાનના નામે

લુંટ ચલાવે છે. કાશી, મથુરા કે દ્વારકા જેવા ઘણાં તીર્થસ્થળોએ ભગવાનની પુજા કરાવનારા પંડાઓ ભગવાનના નામે ભક્તોને ઠગી લેતાં હોય છે. અમારા બચુભાઈ તેમના વ્યવસાયને ‘કંકુવરણા કાવતરાં’ કહે છે.

ભગવાનના નામે એવી ચાંચીયાગીરી ચલાવતાં ભગવાધારી ઠગોને પ્રમોશન મળે ત્યારે સમાજને એક સ્વામી પ્રાપ્ત થાય છે. આપણા સમાજને ધર્મ અને ભગવાનના નામે લુંટાવાનો ભારે ઉમળકો હોય છે. બદ્કીસ્મતે એવા સમાજની રચના ઉજ્જ્વળ સંસ્કૃતીમાં થાય છે. ચાડીયાની અસલીયત જાણી ચુકેલાં પક્ષીઓની જેમ ઘણાં માણસોને સમજાઈ ચુક્યું છે કે અહીં લુંટ કરો કે લુંટાવી દો, ભગવાન ખુશ થતો નથી અને ખફાય થતો નથી. તેમને ખાતરી થઈ ચુકી છે કે ભગવાન ડેડબોડી જેવો છે. ડેડબોડી સાથે જીવીત વ્યક્તી કેવળ લાગણીથી જોડાયેલી હોય છે. માણસના પ્રેમ કે નફરતની મૃતદેહને કોઈ અસર થતી નથી. માણસ અને મૃતદેહ વચ્ચે લાગણીનો વનવે ટ્રાફીક હોય છે તેવો ઈશ્વર અને માણસ વચ્ચે હોય છે.

બૌદ્ધીક કક્ષાના શ્રદ્ધાળુઓને પણ પ્રશ્ન થયા વીના નથી રહેતા. આપણે ત્યાં નીત નવાં મન્દીરો બન્ધાય છે. સતત રથયાત્રાઓ કે ભગવાનના વરઘોડાઓ નીકળતા રહે છે.

રામકથાઓ કે ભાગવત સપ્તાહો યોજાતી રહે છે. એ સીવાય આખું વર્ષ ઢગલેબન્ધ ધાર્મીક તહેવારો ઉજવાતાં રહે છે. અરે! અહીં વીશ્વશાંતી યજ્ઞો પણ થતાં રહે છે...! છતાં આ દેશ પર ઈશ્વરકૃપા કેમ વરસતી નથી. સમ્ભવતઃ ભારત વીશ્વનો સૌથી દુઃખી દેશ હશે. જ્યાં તેત્રીસ કરોડ દેવી દેવતાઓ જન્મ્યાં છે, જ્યાં રાત દહાડો માણસ ભગવાનને ભજે છે ત્યાં સુખશાંતી અને પ્રગતીના નામે આવું અંધારું શા માટે? શું ઈશ્વરને માણસના સુખદુઃખની કશી પરવા નથી? પશ્ચીમીના દેશોમાં ભગવાનની આટલી ગાઢ ભક્તી થતી નથી છતાં તે પ્રજા આપણાં કરતાં વધુ સુખી અને સમૃદ્ધ કેમ છે? આપણે નવેસરથી વીચારીને એ નક્કી કરવું પડશે કે માણસનું કલ્યાણ શેમાં છે? નરસીંહ મહેતાની જેમ દીનરાત ભક્તીનો તંબુરો વગાડ્યા કરવામાં કે સખત પરીશ્રમ કરી દેશનો વીકાસ કરવામાં? આ બધા પ્રશ્નોમાં કેટલું વાજબીપણુ છે તે વીશે વીચારાવું જોઈએ.

# સોનુ જોઈએ કસીને…
# માણસ જોઈએ ફસીને!

અનુક્રમણીકા

ચારેક વર્ષ પુર્વેની એક ઘટનાનું સ્મરણ થાય છે. એક સુંદર યુવાન રોજ અમારા મીત્ર અરવીંદભાઈ જોડે બસમાં આવજા કરતો. યુવાન શાંત, ઠરેલ અને વીનમ્ર હતો. અરવીંદભાઈ જોડે તેને કોઈ વીશેષ પરીચય નહીં; પણ તે અરવીંદભાઈ માટે બસમાં જગ્યા રાખતો. તેના હાથમાં હમ્મેશાં કોઈ પુસ્તક રહેતું. કૉલેજની યુવતીઓ પણ એ બસમાં મુસાફરી કરતી; પરન્તુ યુવાન પુસ્તકમાં જ મગ્ન રહેતો. ભાગ્યે જ છોકરીઓ તરફ તેનું ધ્યાન જતું. અરવીંદભાઈ મનોમન તેની પ્રતીભાથી પ્રભાવીત થયા હતા.

ત્યાર બાદ બન્યું એવું કે અરવીંદભાઈની બદલી થતાં યુવાન જોડેની મુલાકાતો બન્ધ થઈ. ચારેક વર્ષ બાદ અરવીંદભાઈની દીકરી શ્વેતાના લગ્ન માટે મુરતીયાઓ આવવા લાગ્યા. એક દીવસ અરવીંદભાઈના એક દુરના સમ્બન્ધી શ્વેતા માટે પેલા જ મુરતીયાને લઈને આવી ચડ્યા. અરવીંદભાઈને

આશ્ચર્ય કરતાં સન્તોષ વધુ થયો. જોયેલો જાણેલો અને અનુભવેલો યુવાન હતો. થોડીક લગ્નવીષયક પુછપરછ કરી અરવીંદભાઈએ દીકરીના લગ્ન કરી દીધાં.

પણ લગ્ન બાદ સાસરેથી આવેલી શ્વેતાએ એવી એવી ફરીયાદો કરી કે અરવીંદભાઈ આઘાતના માર્યા દંગ રહી ગયા. છોકરાને રોજ રાત્રે ડ્રીંક કરવાની આદત હતી. ખાસ્સું દેવું થઈ ગયું હતું. ઘર ગીરવે હતું. થોડા ઉંડા ઉતર્યા તો એય જાણવા મળ્યું કે જુગારમાં એક બેવાર એ પોલીસ થાણે પણ બેસી આવ્યો હતો. સામા માણસને ઓળખવામાં ક્યારેક કેવી થાપ ખાઈ જવાય છે તેનું આ ઉદાહરણ છે.

આ કીસ્સો એ વીચારવા મજબુર કરે છે કે એકાદ સદ્‌ગુણથી જીવનની એકાદ ક્ષણ ઉજળી બની શકે છે. સમગ્ર જીવનને ઉજળું બનાવવા માટે સદ્‌ગુણોનો આખો ગુલદસ્તો જોઈએ. બસ પ્રવાસની થોડી મીનીટોમાં માણસ ડાહ્યો ડમરો જણાય તે બાબત તેના ફુલટાઈમ સજ્જન હોવાની સાબીતી હોતી નથી. અમારા એક દુરના માસી કહેતાં– ‘કાકડી ખરીદતી વેળા ચાખીને જાણી શકાય તે કડવી છે કે મીઠી; પણ મુરતીયાને ન ચાખી શકાય, ન માપી શકાય. એ તો નીવડ્યે જ વખાણ...!’ વાત ખોટી નથી. મુરતીયાના મામલામાં ગમે તેટલી છાનબીન કરીએ

તોય તે કેવળ સપાટી પરનું ક્ષુલ્લક પરીક્ષણ બની રહે છે. કેરીની ભીતર જીવડું હોય તો તે કાપ્યા પછી જ ખબર પડે છે. મુરતીયાની અન્દર અપલક્ષણોના જીવડાં હોય તો તે કન્યાના વધેરાઈ ગયા પછી જ ખબર પડે છે.

'સોનુ જોઈએ કસીને અને માણસ જોઈએ વસીને' એવી એક કહેવત છે. અમારા બચુભાઈ એને આ રીતે ઉચ્ચારે છે. 'સોનુ જોઈએ કસીને અને માણસ જોઈએ ફસીને!' જ્યાં સુધી પેલા મુરતીયાની જેમ માણસના દુર્ગણોનો પરચો ના મળે ત્યાં સુધી તેના વીશેની અસલી સચ્ચાઈ જાણવા મળતી નથી. સોનાનો હાર ગમે તે ગળામાં પહેરાય તેના કૅરેટ બદલાતાં નથી. માણસનું ચારીત્ર્ય સંજોગો પ્રમાણે બદલાતું રહે છે. કૉલેજના એક ભુતપુર્વ વીદ્યાર્થીને નોકરી માટે સારી ચાલચલગતના સર્ટીફીકેટની જરુર પડી. તે કૉલેજના આચાર્ય પાસે ગયો. આચાર્યએ હળવાશમાં કહ્યું– 'તું કૉલેજમાં હતો ત્યારે તારી ચાલચલગત સારી હતી; પરન્તુ કૉલેજ છોડ્યા પછી તેમાં કોઈ દુઃખદ પરીવર્તન આવ્યું હોય તો મને તેની શી રીતે ખબર પડે?'

વાત ભલે હળવાશમાં કહેવાઈ હોય પણ સાચી છે. શૅરબજારમાં શૅરના ભાવ ગગડી ગયા હોય તે છાપા દ્વારા જાણી શકાય છે. માણસના ચારીત્ર્યમાં પરીવર્તન આવે તે ઝટ જાણી

શકાતું નથી. હા, ક્યારેક દીકરાના ગગડેલા ભાવની જાહેરાત તેના બાપે છાપામાં આ રીતે આપવી પડે છે. 'મારો દીકરો મારા કહ્યામાં નથી. તેની જોડે કોઈએ અમારા નામે લેવડદેવડ કરવી નહીં!'

અભ્યાસકાળ દરમીયાન 'રામલીલા' નામની એક હીન્દી વાર્તા વાંચવા મળી હતી. વર્ષો પુર્વે રામના પાત્રમાં જે કલાકારે ધુમ મચાવી હતી તે જ કલાકારે અમુક વર્ષો બાદ રાવણના પાત્રમાં અભુતપુર્વ વીક્રમ સ્થાપ્યો હતો. 'જૅકીલ એન્ડ હાઈડ' નામની અંગ્રેજી નવલકથા પરથી 'ચહેરે પે ચહેરા' નામનું એક હીન્દી ચલચીત્ર બન્યું હતું. તેનો સાર કંઈક ઉપર મુજબનો હતો. દીવસ દરમીયાન સજ્જન બની રહેતો માણસ રાત્રીના સમયે હેવાન બની અનેક ખુનો કરે છે.

ઘણીવાર સાંભળવા મળે છે– માણસમાં ફલાણો સદ્ગુણ હોવો જોઈએ. ઢીકણો સદ્ગુણ હોવો જોઈએ. એ માપદંડ અધુરો જણાય છે. થોડાં ઉદાહરણો જોઈએ. મને રૅશનલ વીચારધારાવાળા માણસો ગમે છે; પરન્તુ દુર્ભાગ્યે રૅશનાલીઝમ સાથે નમ્રતા, વીવેક વગેરે અભીન્નપણે સંકળાયેલા હોતા નથી. કોઈ રૅશનાલીસ્ટ અવીવેકી હોય, તોછડો હોય, વૈચારીક રીતે આતંકવાદી હોય તો તેનું રૅશનાલીઝમ શા ખપનું? ઈશ્વરમાં શ્રદ્ધા રાખવામાં એટલો

મોટો અનર્થ નથી જેટલો રૅશનલ હોવાનો દાવો કરીને ઝનુન દાખવવામાં થાય છે.

માણસ પાસે એકાદ સદ્‌ગુણ હોય તે પુરતું નથી. સદ્‌ગુણોનો ગુલદસ્તો હોવો જરુરી છે. લીમ્બુના રસનું એક ટીપું આખી તપેલીના દુધને દહીંમાં ફેરવી નાખે છે તે રીતે એક નાનો દુર્ગુણ માણસના સો સદ્‌ગુણો પર પાણી ફેરવી દે છે. દરેક સદ્‌ગુણની એક સરહદ હોય છે. એ સરહદની વીસ્તાર મર્યાદામાં જ તેની અસર થાય છે. તે પછી થતી નથી.

આસ્તીક્તા એ સદ્‌ગુણ છે એમ કલ્પી લઈએ. પણ આસ્તીક માણસ સ્વભાવે લુચ્ચો હોય, જુઠાબોલો હોય, દગાખોર હોય તો તેની આસ્તીક્તાની કોઈ કીમ્મત રહેતી નથી. કોઈ માણસ પ્રેમાળ હોય, નમ્ર અને વીવેકી હોય તો તે સારી બાબત લેખાય; પરન્તુ તેનામાં બુદ્ધીનો અભાવ હોય તેને જીવન વ્યવહારની કશી ગતાગમ ના હોય તો તેની નમ્રતા કે પ્રેમાળતાની કોઈ શ્રેયકર ફલશ્રુતી પ્રાપ્ત થતી નથી. માણસ બુદ્ધીશાળી હોય પણ તે દુષ્ટ હોય, ખંધો હોય, મનનો મેલો હોય, હેવાન જેવી મનોવૃત્તી ધરાવતો હોય તો બુદ્ધી બાપડી એકલી શું કરે? કાગડાની ટોળી વચ્ચે એક કબુતર દુ:ખી થઈ જાય છે તેમ ઘણાં દુર્ગુણો વચ્ચે એકાદ સદ્‌ગુણ પુરના તણખલાની જેમ તણાઈ જાય છે.

તાત્પર્ય એટલું જ માણસ ભલે 'માસ્ટર ઓફ ઑલ' ના હોય શકે. તેનું 'જેક ઓફ ઑલ' હોવું જરુરી છે. ફરીથી એક જ વાત સામે આવે છે. માણસમાં સદ્‌ગુણોનું ગોડાઉન ભલે ના ભર્યું હોય, થોડાંક સદ્‌ગુણોનો નાનકડો ગુલદસ્તો જરુર હોવો જોઈએ.

♦●♦●♦

10

# પરમેશ્વર જોડે પંજો લડાવતો માણસ

અનુક્રમણીકા

## દુનીયાનું સૌથી હીંસક પ્રાણી કયું?
## દુનીયાનું સૌથી લુચ્ચું પ્રાણી કયું?

દુનીયાનું સૌથી સુંદર અને બુદ્ધીશાળી પ્રાણી કયું? માનો યા ના માનો પણ આ ત્રણે પ્રશ્નોનો જવાબ એક જ છે માણસ! આ પૃથ્વીલોકમાં હેવાનીયત અને ઈન્સાનીયતના બધાં ઍવોર્ડ માણસે અંકે કરી લીધાં છે. માણસ સાડા પાંચ ફુટનો જટીલ કુટપ્રશ્ન છે, અને માણસ જ એ કુટપ્રશ્નોનો જવાબ છે. (બચુભાઈના મત મુજબ માણસ આ દુનીયાનો મેનેજીંગ ડીરેક્ટર છે. માણસે અવનવી શોધખોળો દ્વારા જે કુનેહથી દરેક કુદરતી રહસ્યોની બાંધી મુઠી ખોલવા માંડી છે તે નીહાળી મને હીન્દી ફીલ્મના વીલનનું સ્મરણ થાય છે. એ વીલન પ્રારંભમાં તેના માલીકના દરેક ધંધાકીય રહસ્યો જાણી લે છે. પછી ચાલાકી પુર્વક માલીક પાસેથી તેની સમગ્ર મીલકત પડાવી લે છે. માણસે પણ કુદરત જોડે એવી દગાબાજી કરી હોય એવો વહેમ પડે છે.)

અલબત્ જીવન અને મૃત્યુ જેવી કેટલીક મહત્વની મેઈન સ્વીચો હજી કુદરતે પોતાના હસ્તક રાખી છે. જો કે એમ કહેવું ય સમ્પુર્ણ સાચું નથી. જન્મની ચાવી માનવીએ કુદરતના જુડામાંથી સેરવી લઈ કુટુંબનીયોજનની ખીંટીએ લટકાવી દીધી છે. આ પૃથ્વીલોકમાં મૃત્યુની અસલના કોઈ જુલ્મખોર જાગીરદાર જેવી દાદાગીરી હતી. પરન્તુ 'પેસમેકર' (કૃત્રીમ હૃદય)ની શોધ પછી હવે માણસે મૃત્યુના ગઢમાં ય ગાબડું પાડી દીધું છે. એટલેથી જ એ અટક્યો હોત તો ધુળ નાખી; પણ એણે કહેવાતા ભગવાનનેય મન્દીરની જેલમાં એવો પુરી દીધો છે કે બીચારો પેરોલ પર પણ છુટી શકતો નથી. અને એથી જ મૃત્યુ બાદ ભગવાન પોતાના ગુનાનો શો ફેંસલો કરશે તે વાતની માણસને ચીંતા સતાવે છે. પણ માણસ જેનું નામ... મૃત્યુ બાદ ભગવાનને લાંચ આપી કેવી રીતે ફોડી કાઢવો તે ઉપાય પણ એણે વીચારી રાખ્યો છે. આ રહ્યો એ ઉપાય

'લે ચલ છુપાકે કફનમેં બોતલ
કબ્રપે બેઠકે પીયા કરેંગે...
ઔર જબ ખુદા કરેગા ગુનાહોંકા ફેંસલા...
તો દો દો જામ ઉસે ભી દીયા કરેંગે...!'

ક્યારેક માણસ એવો દુષ્ટ બની રહે છે કે એને માથે હથોડો ઝીંકવાનું મન થાય છે. ક્યારેક એ એટલા સારા કામો કરે છે કે ગદ્‌ગદ્ બની વીચારી રહીએ છીએ– ભગવાન તે વળી આનાથી જુદો કેવોક હોતો હશે? ટુંકમાં માણસ જ મધર ટેરેસા અને માણસ જ મેમણ બ્રધર્સ...! સમુદ્રમંથનમાંથી નીકળેલું ઝેર એટલે માણસ...! અને શંકરની જટામાંથી પ્રગટતી પ્રેમની ગંગોત્રી એટલે માણસ...! માણસ નામનું કોડીયું, પુરુષાર્થનું તેલ અને બુદ્ધીની જ્યોત... આ ત્રણેના ત્રીવેણી સંગમથી દુનીયાનો ચોક પ્રગતીના પ્રકાશથી ઝળહળી ઉઠયો છે. માની લીધેલા ભગવાનને ખોટું ના લાગે તે માટે માણસ કહેતો ફરે છે ઈશ્વરની ઈચ્છા વીના એક પાંદડુંય હાલતું નથી; પણ બીજી તરફ એણે જ્ઞાન વીજ્ઞાનના અને ટૅક્નોલોજીના વીકાસ વડે દુનીયામાં એવું ચક્રવર્તી સામ્રાજ્ય સ્થાપ્યું છે કે એ(માણસ)ની ઈચ્છા વીના એક પાંદડુંય ઉગી શકતું નથી.

ધુળમાં ગબડી પડેલું બાળક ધુળ ખંખેરીને બેઠું થઈ જાય એમ વીક્રમ સર્જક ભુકંપમાંથીય માણસ ઝડપથી બેઠો થઈ ગયો છે. અભુતપુર્વ જળસંકટ હોય, કારમો દુષ્કાળ હોય કે ભયંકર રોગચાળો હોય... માણસને હવે મચ્છરની જેમ મસળી નાખવાનું સહેલું રહ્યું નથી. ભલું થજો માણસનું કે એણે કુદરતરુપી ઉંટના ઢેકા પર બુદ્ધીપુર્વકના કાંઠા કર્યા છે. પુનરોક્તીનો ભય વહોરીનેય

કહું કે માણસને સો વર્ષનું આયુષ્ય આપીને કુદરતે 42 વર્ષે જ એને આંખે આંધળો બનાવી દીધો. માણસે ચશ્મા ના શોધ્યા હોત તો અડધી દુનીયા હાથમાં લાકડી લઈ સુરદાસ બની ઘુમતી હોત. બે વર્ષની બેબીની બન્ને આંખોમાં મોતીયો હોય એવું નજરે જોઈએ ત્યારે વીચાર આવે છે આ તે ઈશ્વર છે કે આતંકવાદી? (માણસની આંખનો મોતીયો કાઢી આપતો ડૉક્ટર એટલે મારે મન કુદરતે રચેલી અન્ધાપાની જેલમાંથી માણસને જામીન પર છોડાવતો ફરીસ્તો?)

કુદરતે માણસને બહેરો બનાવ્યો તો માણસે ઈયરફોન બનાવ્યું. કુદરતે માણસને લંગડો બનાવ્યો તો માણસે કૃત્રીમ પગ બનાવ્યો. દેહની નાની મોટી બીમારીથી માંડી હૃદય અને મગજ જેવાં નાજુક અવયવોના ઑપરેશનો કરવાની ત્રેવડ હાંસલ કરીને માણસે માણસની લાજ રાખી છે. કુદરત ડાળે ડાળે ચાલે તો માણસ પાંદડે પાંદડે ચાલ્યો! કલ્પના કરી જુઓ પેટમાં ઍપેન્ડીક્સનો દુ:ખાવો ઉપડ્યો હોય તે ટાણે રામનામના મંજીરા વગાડવાથી દુ:ખાવો દુર થઈ શકે ખરો? માણસે શસ્ત્રક્રીયાની શોધ કરવાને બદલે જીવનભર પ્રભુભજન જ કર્યા કર્યું હોત તો વધેરાતાં બકરા જેવી ચીસો પાડતા માણસને શી રીતે દર્દમુક્ત કરી શકાયો હોત? કુદરત આડી ફાટે અને સ્ત્રીનાં ગર્ભમાં બાળક આડું થઈ જાય અથવા કોઈ કારણસર બાળક નોર્મલ રીતે ન

અવતરી શકે ત્યારે શું કરી શકાય? સીઝેરીયન ઑપરેશનની શોધ નહોતી થઈ તે જમાનામાં એવી સ્ત્રીઓએ તો એડી રગડી રગડીને મરવું જ પડતું હશેને?

અમારા બચુભાઈ અને કહેવાતા ભગવાન વચ્ચે કૉંગ્રેસ અને ભાજપ જેવું ચાલે છે. તેઓ ભગવાન વીશે બહુધા હળવાશમાં તો ક્યારેક ગમ્ભીરપણે વાતો કરતા રહે છે. તેઓ કહે છે 'લાખ વાર કબુલ કે માણસને એ બધી શોધખોળ કરવાની બુદ્ધી ભગવાને આપી છે પણ કોઈ મને એ સમજાવો કે આ કહેવાતા ભગવાનની એ કેવી વીચીત્ર નીતી કે પહેલાં તે સ્ત્રીના પેટમાં બાળકને આડું કરી દે છે અને પછી માણસને સીઝેરીયન કરવાની બુદ્ધી આપે છે. એ મહાશયનું ટીખળ તો જુઓ પ્રથમ માણસને દાઢનો દુઃખાવો આપે છે પછી શાનમાં સમજાવે છે 'હવે લવીંગનું તેલ ઘસ અને ફટકડીના કોગળા કર!' એમ સમજો કે ચોરને એ ચોરી કરવા ઉશ્કેરે છે અને શાહુકારને એ જાગતા રહેવાની સલાહ આપે છે. સાચું કહું મને ચશ્માની શોધથી એટલો આનન્દ થતો નથી, જેટલું દુઃખ 45 વર્ષે માણસની આંખ નબળી થઈ જાય તે વાતથી થાય છે!'

હમણાં ડૉક્ટર મીત્રે એક વીચીત્ર કીસ્સો કહી સંભળાવ્યો. એમની પાસે લગભગ વ્યંઢળ પ્રકારનો એક દરદી આવ્યો. એ

ભયંકર જાતીય આવેગથી પીડાતો હતો. જે શક્ય નહોતું તેની તીવ્ર તલબ જાગી હતી. એમ સમજો કે જેનું ગર્ભાશય કાઢી નાંખવામાં આવ્યું હોય એવી સ્ત્રીને માતૃત્વ ધારણ કરવાની ઈચ્છા જન્મે તેવો ઘાટ થયો હતો. પગ વીનાના પુરુષને કુદરતે પર્વત ચઢવા ઉશ્કેર્યો હતો. ફાંટાબાજ કુદરતનું આ કેવું કરુણ ટીખળ? બચુભાઈ કહે છે : ‘ભગવાન માણસને ક્યારેક એવી હાસ્યાસ્પદ સ્થીતીમાં મુકી દે છે માનો કોઈ વ્યક્તીને જુલાબની દશબાર ગોળીઓ ખવડાવી દીધા પછી તેના જાજરુમાં પાણીનો પુરવઠો બન્ધ કરી દેવામાં આવે!’

જરા વીચારો, ભગવાનની એ કેવી મેન્યુફેક્ચરીંગ ડીફેક્ટ કે એણે માણસને પુરાં સો વર્ષનું આયુષ્ય આપ્યું હોય અને બેતાલીશ વર્ષે જ આંખે બેતાલા આવી જાય! ઍરોપ્લેનની ટાંકીમાં એક જ લીટર પેટ્રોલ સમાઈ શકે એવી ટુંકી બુદ્ધીની વ્યવસ્થા કરનાર એન્જીનીયરને આપણે કહીએ તો શું કહીએ? માણસ કોઈ વાહન બનાવે છે ત્યારે તેના વારંવારના પરીક્ષણ બાદ તેને અદ્યતન અને સંપુર્ણ ક્ષતીરહીત બનાવીને રોડ પર દોડતું કરે છે; પણ ઉપરવાળા એન્જીનીયરે માણસની ડીઝાઈન એવી નબળી ઘડી છે કે પચાસ સાંઠ વર્ષે જ તે પેટ્રોલ વીનાના સ્કુટરની જેમ ડચકા ખાવા લાગે છે. ભગવાન જેવો ભગવાન થઈ આવી નબળી ક્વૉલીટીનો માલ પૃથ્વીલોકમાં સપ્લાય કરે એમાં ભલે એના ધંધાને

ખોટ ના જતી હોય, પણ જેઓ એનો ભોગ બને છે તેનું જીવન તો સો ટકા બરબાદ થાય છે. નબળી આંખવાળા, નબળા હૃદયવાળા કે નબળા મગજવાળા કેટલાંય કમનસીબ માણસો આ કહેવાતા ભગવાન સામે ગ્રાહક સુરક્ષા ધારામાં જઈ શકતાં નથી. મૃત્યુલોકની અદાલતમાં ઈશ્વર અપરાધી ઠરે તોય પ્રશ્ન એ છે કે એને કયે સરનામે સમન્સ મોકલવો? શી રીતે એની ધરપકડ કરવી? આરોપી સદીઓથી ફરાર છે...!!!

◆●◆●◆

## 11

# શ્રદ્ધાનો નહીં અન્ધશ્રદ્ધાનો વીરોધ કરીએ!

અનુક્રમણીકા

એક ફંક્શનમાં ભેગાં થયેલા બે ત્રણ રૅશનાલીસ્ટો ઈશ્વરના અસ્તીત્વની જગજુની ચર્ચા કાઢી બેઠાં. ઈશ્વરના ઈન્કારની એ જ ઘીસીપીટી દલીલો સાંભળી બચુભાઈએ અકળાઈને કહ્યું– 'માફ કરજો દોસ્તો, તમારું વલણ જોઈ એક ગામઠી કહેવત યાદ આવે છે– 'કુમ્ભાર રાજા થાય તો ગધેડા પર અમ્બાડી મુકાવે!' તમે નાસ્તીકો ભેગા મળો અને ઈશ્વરના અસ્તીત્વની ચર્ચા લઈ બેસો તે એવું લાગે છે માનો હીન્દુ પરીષદના પ્રવીણ તોગડીયા વડાપ્રધાન બને અને રાતોરાત અયોધ્યામાં મન્દીર બાંધવાનું કામ લઈ બેસે!'

બચુભાઈની અકળામણ ખોટી નથી. ઈશ્વરના અસ્તીત્વની ચર્ચા હવે ચવાઈને કસહીન બની ગયેલી ચ્યુઈંગમ જેવી લાગે છે. ઈશ્વર વીશેનો આખો પ્રશ્ન રૅશનાલીસ્ટોએ તેમના એજન્ડા પરથી ઉડાવી દેવા જેવો છે. આજનો માનવી પાર વીનાની અન્ધશ્રદ્ધાઓથી ઘેરાયેલો છે. તે તમામ અન્ધશ્રદ્ધાનો વીરોધ થાય તે જરુરી છે. સદીઓથી માણસના લોહીમાં ભળી ગયેલી

આસ્તીક્તાને દુર કરવાનું કામ સહેલું નથી. ઈશ્વરનો વીરોધ કરવાથી તો બાવાના બેય બગડ્યા જેવો ઘાટ થાય છે. તેમને ઈશ્વર વીશે કશું ઠોસ સમજાવી શકાતું નથી. વધારામાં રૅશનલ વીચારધારાનેય પછી લોકો એટલા માટે જ કાને ધરતાં નથી કે રૅશનાલીસ્ટો ઈશ્વરનો વીરોધ કરે છે. આમ થવાથી રૅશનાલીઝમ જેવી અત્યન્ત ઉપયોગી તરાહને ભારે નુકસાન પહોંચે છે.

એક દૃષ્ટાંતકથાનું સ્મરણ થાય છે. એક વૃદ્ધાનાં ત્રણ દીકરા હતાં. એક છગન, બીજો મગન અને ત્રીજાનું નામ નાનકો. મગન ઈશ્વરમાં માને. છગન પુરો નાસ્તીક. એકવાર એમની મા બીમારીમાં પટકાઈ. મગને માના ખાટલા પાસે બેસી ભગવાનની પ્રાર્થના કરવા માંડી. છગને તેનો વીરોધ કર્યો. માને કકડીને ભુખ લાગી હતી. તેને દવા પણ પીવડાવવાની હતી; પરન્તુ બન્ને દીકરા ઈશ્વરના અસ્તીત્વ અંગે વીવાદે ચઢી ગયા હતા. અંતે નાનકો ઉભો થયો. તેણે માને દવા આપી અને રસોડામાં જઈ માને માટે રોટલો બનાવી લાવ્યો. માએ રોટલો ખાધો ત્યારે તેને થોડી રાહત થઈ.

તાત્પર્ય એટલું જ, દુનીયાને છગન મગન કરતાં નાનકાની વીશેષ જરુર છે. રામ કરતાં રોટલાની વધુ જરુર છે. ઈશ્વરે માણસને બુદ્ધી આપી છે. હાથ આપ્યા છે. રોટલો બનાવવા તે

સ્વયં આવવાનો નથી. એથી ઈશ્વરના અસ્તીત્વની ચર્ચા છોડી માણસે નક્કર માનવઉપયોગી કામો કરવાં જોઈએ.

વીચારો તો ઝટ સમજાય એવી વાત છે. ઈશ્વરનું અસ્તીત્વ એ માણસનો પ્રાણપ્રશ્ન છે જ નહીં. ઈશ્વરથીય અગ્રક્રમે મુકવા પડે એવા પ્રશ્નોનો પાર નથી; પરન્તુ શ્રદ્ધાળુઓ ઈશ્વરભક્તીને જ મનુષ્ય જીવનનું એકમાત્ર ધ્યેય સમજે છે. તેમને સમજાવવાનું અઘરું છે. એ કારણે રૅશનાલીસ્ટોએ શ્રદ્ધાળુઓની ઈશ્વરભક્તીને છોડી દઈ સેંકડો અન્ધશ્રદ્ધાનો જ વીરોધ કરવો જોઈએ.

કેટલાંક ધર્મગુરુઓએ માણસની શ્રદ્ધાને અત્યન્ત સુંદર રચનાત્મક મોડ આપવાનો પ્રયાસ કર્યો છે. એમાના એક હતા પાંડુરંગ શાસ્ત્રીજી. એક નાનુ ઉદાહરણ જોઈએ. વૃક્ષો માણસો માટે કામધેનુ ગાય જેટલાં ઉપયોગી છે. પર્યાવરણની દષ્ટીએ તેની ઉપયોગીતા અનેક ગણી છે. વીજ્ઞાન ગમે તેટલા ઘાંટા પાડીને એ વાત સમજાવે તોય માણસ આડેધડ વૃક્ષો કાપી નાખે છે; પરન્તુ એ જ વાત શ્રી. પાંડુરંગ શાસ્ત્રીએ શ્રદ્ધા અને ભક્તીના માધ્યમ દ્વારા સમજાવીને લીલોછમ ચમત્કાર કરી દેખાડ્યો છે. (પીપળો રાત્રે અને દીવસે બન્ને સમયે પ્રાણવાયુ આપે છે. બીજાં વૃક્ષો માત્ર દીવસે પ્રાણવાયુ આપે છે. એ રીતે પીપળો માનવજીવન માટે સૌથી વધુ ઉપયોગી વૃક્ષ છે; પરન્તુ એ પર્યાવરણીય સત્યને લોકો સીધી

રીતે સ્વીકારવા તૈયાર થતાં નથી.) માણસના મનના મીકેનીઝમમાં કુદરતે શ્રદ્ધા, ભાવના, લાગણી વગેરેનું એવું સમ્મીશ્રણ કર્યું છે કે કોઈ બરછટ સત્યને શ્રદ્ધાથી સમજાવવામાં આવે તો માણસ તુરત તે તરફ વળે છે. નર્યું કોરું સત્ય ચાસણી વીનાની જલેબી જેવું ફીક્કું લાગે છે.

મુળ વાત એટલી જ, માણસ પ્રાકૃતીક રીતે જ શ્રદ્ધાળુ અને લાગણીશીલ જીવ છે. તેના ઉત્થાન માટે તેને તેના ભગવાન સહીત સ્વીકારવો પડે છે. બચુભાઈ એ અંગે એક ઉદાહરણ આપતાં કહે છે– 'મને યાદ છે નાનપણમાં મારી બહેન પાસે એક ઢીંગલી હતી. તે તેને એવી પ્રીય હતી કે એક પળ માટે તેને અલગ કરતી નહોતી. ત્યાં સુધી કે જમવા કે ન્હાવાય તે ઉઠતી નહોતી. છેવટે મારી મા એને ઢીંગલી સમેત બાથરુમમાં લઈ જતી. બહેન ઢીંગલીને નવડાવતી અને મા બહેનને નવડાવતી. બહેનને રડાવ્યા વગર તેને નવડાવવાનું કામ આસાનીથી પતી જતું!' રૅશનાલીસ્ટોએ આ વાત વીચારવા જેવી છે. માણસને સુધારવો હશે તો પ્રથમ તેને તેના ઈશ્વર સહીત સ્વીકારવો પડશે. તેની અન્ધશ્રદ્ધાઓને દત્તક લેવી પડશે. શ્રદ્ધાની ઢીંગલીને તેના હાથમાંથી છોડાવવાની કોશીષ કરીશું તો તે તોફાને ચડયા વીના નહીં રહે.

દોસ્તો, માણસની એકાદ શ્રદ્ધા ભલે અકબન્ધ રહેતી. બદલામાં તેની અન્ય સેંકડો અન્ધશ્રદ્ધાઓ દુર થઈ શકતી હોય તો એ ખોટનો સોદો નથી. અમારા શ્રદ્ધાળુ વડીલ ભગવાનદાસકાકા કહે છે– ‘રૅશનાલીસ્ટોની ઘણી વાતો સાચી છે; પરન્તુ શ્રદ્ધા અને લાગણી એ પણ માનવજીવનની એટલી જ પ્રબળ સચ્ચાઈ છે. તેને શી રીતે અવગણી શકાય? કાકા આગળ કહે છે– ‘યુનીયન અને મેનેજમેન્ટ વચ્ચે વાટાઘાટો થાય છે ત્યારે મેનેજમેન્ટ કહે છે– ‘તમે આટલું જતું કરો તો અમે આટલી માગણીઓ સ્વીકારવા તૈયાર છીએ!’ એ પ્રમાણે હું મારા તમામ આસ્તીક મીત્રો વતી રૅશનાલીસ્ટોને કહું છું– તમે અમારી ઈશ્વરઆસ્થાનો વીરોધ કરવાનું છોડી દો તો અમે તમારી બીજી બધી વાતો સ્વીકારવા તૈયાર છીએ!’

ભગવાનદાસકાકાની વાત વીચારવા જેવી છે. લોકો ઈશ્વરમાં માનતા રહીનેય સેંકડો અન્ધશ્રદ્ધામાંથી મુક્ત થાય તે સમગ્ર માનવસમાજના હીતમાં છે.

◆●◆●◆

12

## શ્રદ્ધાવાદ વર્સીસ બુદ્ધીવાદ…!

અનુક્રમણીકા

એક રૅશનાલીસ્ટ મીત્ર દાઢી વધારી ફરતા હતા. એક બહેને તેમને કારણ પુછ્યું. પેલા મીત્રે કહ્યું– 'મારી નાની દીકરીને મહારાજ આવ્યા છે!' વાત સાંભળી પેલા બહેન ચોંકી ઉઠયા– 'અરે…! શું વાત કરો છો…? તમે અને મહારાજ? તમે આવી અન્ધશ્રદ્ધામાં માનતા ક્યારથી થઈ ગયા? તમે તો પાક્કા નાસ્તીક છો!' મીત્રે સ્પષ્ટતા કરી– 'બહેનજી, હું અન્ધશ્રદ્ધામાં નથી માનતો પણ માની મમતામાં માનું છું. પત્નીની લાગણીમાં માનું છું. પીતાજીનો પ્રેમ સમજું છું. કેવળ બે દીવસ દાઢી ન કરવાથી મારા સ્વજનોની લાગણી સચવાતી હોય તો અન્ધશ્રદ્ધાળુમાં ખપી જવાની મારી પુરી તૈયારી છે. બાકી અમેરીકા, જાપાન કે લંડનમાં કોઈને મહારાજ નથી આવતા ને આપણે ત્યાં જ કેમ આવે છે? એવી દલીલો કરીને મેં દાઢી કરી હોત તો તેઓ મન દુભવીને બેસી રહ્યાં હોત; પણ કદાચ દીકરીનું મોત થાય તો તેનું સાચું કારણ ગમે તે હોય; પણ મારા શીરે જીન્દગીભરનો બટ્ટો લાગ્યા વીના ના રહે…! અને તેમનો વહેમ વધુ દૃઢ બને તે વધારાનું નુકસાન.

બહેનજી, જીવનમાં બુદ્ધી કરતાં લાગણીનું સ્થાન મુઠી ઉંચેરું હોય છે!'

મીત્રની વાત સાચી છે. શ્રી. ભગવતીકુમાર શર્મા કૃત– 'નખદર્પણ'ની એક પંક્તીમાં લાગણીની વાત સુપેરે વ્યક્ત થઈ છે–

લાગણી લખાવે તો લાખ વાર લખવું છે,
બુદ્ધી બુમ પાડે તો પણ ધરાર લખવું છે.

એ મીત્રે આગળ કહ્યું– 'પત્નીને કંઈકે સમજાવી શકાય, પણ 80ની આસપાસ પહોંચેલા મારા માબાપને હું આ ઉમ્મરે રૅશનાલીઝમના પાઠો ક્યાં ભણાવવા બેસું? એ તો સાઈકલ ભાંગીને તેમાંથી ઍરોપ્લેન બનાવવાની કામગીરી હાથ ધરવા જેવી ભુલ ગણાય. આ ધરમકરમવાળા દેશમાં ભણેલા ગણેલાઓ પણ દોરા ધાગા કે માદળીયાં બાંધીને ફરે છે, અરે! ખુદ ડૉક્ટરોના ક્લીનીક પર લીંબુ અને મરચું બાંધેલા હોય છે ત્યાં ચાર ચોપડીય નહીં ભણેલા મારા માબાપની અન્ધશ્રદ્ધાને વખોડવા બેસું તો મારું રૅશનાલીઝમ લાજે. જડપણે રૅશનાલીઝમને વળગી રહેવા કરતાં સમજદારીપુર્વક થોડીક અન્ધશ્રદ્ધાને નભાવી લેવી એ વધુ ઉચીત ગણાય એમ હું માનું છું.'

વાત અન્ધશ્રદ્ધાની નીકળી છે ત્યારે થોડી અંતરંગ વાતોય કરી લઉં. કેવળ લખવા ખાતર લખતો નથી. સમાજમાં વીરોધ કે વીસ્ફોટ જગાવવાય લખતો નથી. મારા લખાણને કેટલાંક સ્વાનુભવોનું સમર્થન છે. નાના છોકરાની બાબરી, વાસ્તુપુજા, શ્રાદ્ધ, હોમહવન, યજ્ઞ, જપ–તપ, માળા, પુજાપાઠ કે મન્દીરમાં જઈ દેવદર્શન જેવું કાંઈ જ કરતો નથી; છતાં અમે અત્યન્તત સુખી છીએ. સ્વજનોની લાગણી જાળવવા એકાદ વાર સત્યનારાયણની કથા જેવાં કેટલાંક કર્મકાંડ કરાવવા પડ્યા હતાં, પણ એ માબાપનું મન જાળવવા માટે જ... બાકી જીવનની અમુક મહેચ્છાઓ પુર્ણ થાય તે માટે બાધા આખડી કે દોરા ધાગામાં ક્યારેય પડ્યો નથી.

સેંકડો લોકો આ પ્રકારનું જીવન જીવે છે. તે સર્વના કોઈ કામ અટક્યાં નથી. કેટલાંક મુસ્લીમ મીત્રો વર્ષોથી નમાઝ નથી પઢતા છતાં તેઓ સુખી છે. આટલા અનુભવ બાદ સમજાયું છે કે મન્દીરમાં ન જાઓ, દીવા દીવેટ ના કરો, માળા ના કરો તો કશું જ અટકતું નથી; પણ જીવનમાં ડગલેને પગલે ખોટાં કામો કરો, અપ્રમાણીક્તા આચરો કે બીજા જોડે દુષ્ટતાથી વર્તો તો આખો સમાજ દુ:ખી થાય છે. છેલ્લા ચાળીશ વર્ષોથી મારો બુદ્ધીવાદ અને પત્નીનો શ્રદ્ધાવાદ એક છત તળે સમ્પીને રહે છે. કારણ એટલું જ કે પત્નીએ કદી મારા રૅશનાલીઝમને અવગણ્યો નથી. અને મેંય તેના શ્રદ્ધાવાદને પુરો આદર આપ્યો છે. ઘરમાં એક નાનું મન્દીરીયું

છે. જે વળી મેં જ પત્નીને ભેટમાં આપ્યું છે. મજાકમાં હું તેને ભગવાન જોડે વાતો કરવાનું ટેલીફોન બુથ કહું છું. પત્નીના આગ્રહથી હુંય ક્યારેક મુકપણે એ મન્દીરીયા સામે હાથ જોડી ઉભો રહું છું. ભગવાનની આંખોમાં આંખ પરોવી પ્રશ્નોની ઝડી વરસાવું છું– 'બૉસ, તારી આ દુનીયામાં આટલા દુ:ખદર્દો અને રડારોળ કેમ છે? તારી ભક્તીમાં રાતદહાડો મગ્ન રહેતાં ભક્તોને અહીં ચોધાર આંસુડે રડવું પડે છે અને તને કદી ન ભજનારા મારા જેવા માણસો આટલાં સુખી કેમ છે? તારી કાર્યપદ્ધતી સમજાતી નથી. ક્યાંક તું ઉંધુ તો નથી વેતરી રહ્યો ને?'

એક ખાસ ઘટના કહું તે સાંભળો. 'બોલો, ઈશ્વર છે કે નથી?'નામના મારા પુસ્તકમાં મેં એ લખી છે. એક ગામમાં થોડાંક આસ્તીકો અને નાસ્તીકો વચ્ચે ઈશ્વરના અસ્તીત્વ વીશે ઉગ્ર ચર્ચા થઈ રહી હતી. તેવામાં ત્યાંથી પસાર થતું કુમ્ભારનું એક બળદગાડું ઉંડી ગટરમાં ઉથલી પડ્યું. આની જાણ થતાં આસ્તીકો અને નાસ્તીકો ત્યાં દોડી ગયા. સૌએ ધક્કો મારી ગાડું બહાર કાઢ્યું. કુમ્ભારના બધાં જ માટલાં ભાંગી ગયા હતા. નુકસાન જોઈ ગરીબ કુમ્ભારની આંખોમાં આંસુ આવી ગયા. આસ્તીક નાસ્તીકોએ થોડા થોડા પૈસાનો ફાળો એકત્ર કરી તેનું નુકસાન ભરપાઈ કરી આપ્યું.

કુમ્ભારે સૌનો આભાર માન્યો. પછી જીજ્ઞાસા ખાતર પુછ્યું– 'તમે સૌ અહીં શા માટે ભેગા થયા છો?' બધાએ જવાબ આપ્યો– 'અમે અહીં ઈશ્વર છે કે નહીં તે નક્કી કરવા ભેગા થયા છીએ.' કુમ્ભારે પુછ્યું– 'પછી શું થયું? કોઈ નીવેડો આવ્યો?' જવાબ મળ્યો : 'ના... ચર્ચા હજુ ચાલુ છે!' કુમ્ભારે સંકોચપુર્વક કહ્યું– 'તમે બધાં વીદ્વાન છો. હું તો બહુ નાનો માણસ છું પણ મને એક પ્રશ્નનો જવાબ આપો.' કહી કુમ્ભારે આસ્તીકોને પ્રશ્ન કર્યો– 'તમે મારી મદદે આવ્યા તે શું વીચારીને આવ્યા?' આસ્તીકોએ કહ્યું– 'અમે એવો વીચાર કર્યો કે મુશ્કેલીમાં આવી પડેલા માણસને મદદ નહીં કરીએ તો એક દીવસ ભગવાનના દરબારમાં હાજર થવાનું છે ત્યાં શો જવાબ આપીશું?'

કુમ્ભારે નાસ્તીકોને પ્રશ્ન કર્યો– 'તમે તો ભગવાનમાં નથી માનતા. તમે કેમ મારી મદદે આવ્યા?' નાસ્તીકોએ કહ્યું– 'ભાઈ, તું સાચું કહે છે. અમે માનીએ છીએ કે માણસ જ્યારે મુશ્કેલીમાં આવી પડે છે ત્યારે એને મદદ કરવા આકાશમાંથી કોઈ ભગવાન આવવાનો નથી. માનવતાના નાતે માણસે જ માણસને મદદ કરવી જોઈએ!' કુમ્ભારે આગળ કહ્યું– 'તમે તમારી ચર્ચા અટકાવી મારી મદદે દોડી આવ્યા, મને આર્થીક મદદ પણ કરી. હું માનું છું કે મારે માટે તમે જ મારા ભગવાન છો. આવું માનવતાનું કામ કર્યા બાદ તમે ઈશ્વરના અસ્તીત્વને સ્વીકારો કે નકારો કોઈ ફરક

પડતો નથી. ભાઈઓ, હું તો કહીશ જેઓ આસ્તીક છે તેમણે ભગવાનને નજરમાં રાખીને માનવતાના કામો કરવા જોઈએ. અને જે લોકો નાસ્તીક છે તેમણે– ભગવાન નથી, એથી આ આપણી ફરજ છે એમ માની માનવતાના કામો કરવા જોઈએ!' કહી કુમ્ભાર રસ્તે પડ્યો.

કુમ્ભારની વાત પેલા આસ્તીક નાસ્તીક સમજ્યાં હોય કે નહીં; પણ આપણને એક વાત સમજાય છે. અને તે એકે ઈશ્વર છે કે નહીં તેની ચીંતા કર્યા વીના માણસે દુનીયામાં ભલાઈના કામો કરવા જોઈએ. કોઈકે સાચું કહ્યું છે–

'અલ્લાહકો નમાઝકી જરુરત નહીં
ભગવાનકો પુજાકી જરુરત નહીં,
રામ રહીમ ગલે મીલ જાય તો
ઈન્સાનકો મજહબકી જરુરત નહીં...!

આપણે એક વાત સમજવાની છે. ભગવાન હોય તો તેને પણ એવાં જ આસ્તીકો ગમશે જે માણસના ઘોંચમાં પડેલા ગાડાને ધક્કો મારીને બહાર કાઢી આપે. અને ભગવાન છે જ નહીં એવું માનતા નાસ્તીકો પ્રત્યે પણ ઈશ્વરને કોઈ જ ફરીયાદ નહીં રહે જો તેઓ લોકોના ડુબતાં વહાણ તારશે. દુઃખીઓના આંસુ લુછશે.

આસ્તીક્તા કે નાસ્તીક્તા કરતાં માનવતા મહાન છે. આવો આપણે પેલા કુમ્ભારની જેમ માનવતામાં જ સાચી પ્રભુતા છે, એવી સમજ આપણે કેળવીએ!

⬩●◆●⬩

I

# શ્રી. દીનેશ પાંચાલનું લેખન–સર્જન–ચીન્તન

**અનુક્રમણીકા**


| ક્રમ | પુસ્તકનું નામ | પ્રકાશકની વીગત |
|---|---|---|
| 1 | શબ્દોનો સ્વયંવર | ગુર્જર ગ્રંથરત્ન પ્રકાશન, રતનપોળ નાકા સામે, ગાંધી રોડ, અમદાવાદ.<br>પીન કોડ : 380 001<br>ફોન : (079) 2662 0472/ 2214 4663<br>ઈ.મેઈલ : goorjar@yahoo.com |
| 2 | ઉગે ઉગ્યો અરુણ | |
| 3 | બોલો, ઈશ્વર છે કે નથી? | |
| 4 | સ્ત્રી : સંસારલક્ષ્મી | |
| 5 | તનકતારા | |
| 6 | અંતરના ઈન્દ્રધનુષ (પુરસ્કૃત) | |
| 7 | હૈયાનો હસ્તમેળાપ | |
| 8 | ધરમકાંટો | |
| 9 | સંસારની સીતાર | |
| 10 | મનના માયાબજારમાં | |
| ♦ | અંતરના આંગણેથી | બન્ને પુસ્તકોનું પ્રકાશન હાથ પર છે. |
| | દીલના દુરબીન | |
| 11 | જીવન સરીતાને તીરે | સાહીત્ય સંગમ, ગોપીપુરા, સુરત.<br>પીન કોડ : 395 003<br>સેલફોન : 98251 12481<br>વેબસાઈટ : http://sahityasangam.com<br>ઈ.મેઈલ : sahitya_sankool@yahoo.com |
| 12 | ચાલો, આ રીતે વીચારીએ! | |
| 13 | ધુપછાંવ | |

| ક્રમ | પુસ્તકનું નામ | પ્રકાશકની વીગત |
|---|---|---|
| 14 | જીવનસરીતા | નવભારત સાહીત્ય મંદીર,<br>જૈન દેરાસર પાસે, ગાંધી રોડ,<br>અમદાવાદ – 380 001<br>ફોન : (079) 2213 2921<br>વેબસાઈટ :<br>www.navbharatonline.com<br>ઈ.મેઈલ :<br>info@navbharatonline.com |
| 15 | મનનાં મોરપીંછ' (પુરસ્કૃત) | ઈમેજ પબ્લીકેશન્સ પ્રા. લી.,<br>199/1, ગોપાલ ભુવન,<br>પ્રીન્સેસ સ્ટ્રીટ, મુમ્બઈ – 400 002<br>ફોન : (022) 2200 2691<br>ઈ.મેઈલ :<br>info@imagepublications.com<br>વેબસાઈટ :<br>www.imagepublications.com |

II

## અન્તીમ ટાઈટલ પેજ

અનુક્રમણીકા




# સમાપ્ત